dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue- 78 | AD - 2024, Magashirsha Vad- 06 | Saturday, Dt.21-12-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00




### ટ્રકે ટેન્કરને ટક્કર મારી, ગેસ ૨૦૦ મીટર સુધી ફેલાઈ ગયા બાદ આગ લાગી

# જયપુરમાં ગેસથી ભરેલા ટેન્કરમાં વિસ્ફોટ : ૧૧ લોકો જીવતા ભુંજાયા

જયપુર,તા.૨૦

જયપુરમાં અજમેર હાઈવે પર દિલ્હી પબ્લિક સ્કૂલની સામે એલપીજી ગેસથી ભરેલા ટેન્કરમાં વિસ્ફોટ થયો હતો. આ અકસ્માતમાં ૧૧ લોકો જીવતા ભૂંજાયા અને ૩૫ લોકો દાઝી ગયા હતા. ટેન્કરને ટ્રકે ટક્કર મારી હતી. ટેન્કરમાંથી ગેસ ૨૦૦ મીટર સુધી ફેલાઈ ગયો હતો અને અચાનક આગ લાગી હતી. આ સાથે સમગ્ર વિસ્તાર આગનો ગોળો બની ગયો હતો. મળતી માહિતી મુજબ, સવારના સુમારે ટેન્કર અજમેરથી જયપુર તરફ આવી રહ્યું હતું. સવારે લગભગ ૫.૪૪ વાગ્યે, તે દિલ્હી પબ્લિક સ્કૂલની સામેથી અજમેર તરફ યુ-ટર્ન લઈ રહ્યું હતું. દરમિયાન જયપુર તરફથી આવી રહેલી ટ્રકે ટેન્કરને ટક્કર મારી હતી. જેથી ૪૦થી વધુ વાહનોમાં આગ લાગી હતી. ઘણા લોકોને બહાર જવાનો મોકો મળ્યો ન હતો. ટેન્કરની પાછળ આવતી સ્લીપર બસ અને હાઈવેની બાજુમાં આવેલી પાઈપ ફેક્ટરીમાં પણ આગ લાગી હતી. આ પછી હાઈવે બંધ કરી દેવામાં આવ્યો હતો. બ્લાસ્ટ બાદ ગેસ ફેલાઈ જવાને કારણે બચાવમાં ઘણી મુશ્કેલી પડી હતી. આ અકસ્માતમાં ૪૦થી વધુ વાહનોમાં આગ લાગી હતી.



અનેક વાહનો એવા હતા જેમાંથી લોકોને બહાર નીકળવાની તક મળી ન હતી. ટેન્કરની પાછળ દોડતી સ્લીપર બસ અને હાઈવેની બાજુમાં આવેલી પાઈપ ફેક્ટરી પણ બળી ગઈ હતી. વિસ્ફોટ અને આગના કારણે હાઈવે બંધ કરી દેવામાં આવ્યો હતો. દુર્ઘટના સ્થળે ગેસ ફેલાઈ જવાને કારણે બચાવમાં ઘણી મુશ્કેલી પડી હતી. ગેઈલ ઈન્ડિયા લિમિટેડના ડીજીએમ (ફાયર એન્ડ સેફ્ટી) સુખાંત કુમાર સિંઘે જણાવ્યું હતું કે ગેઈલની પાઈપલાઈન ઘટના સ્થળથી ૧૦૦ મીટરના અંતરેથી પસાર થઈ રહી હતી. એલપીજી ભરેલું બીપીસીએલનું ટેન્કર અહીં જઈ રહ્યું હતું. જે લોડેડ કન્ટેનર સાથે અથડાયું હતું, જેના કારણે એલપીજી પ્રવાહી સ્વરૂપે બહાર આવીને ફેલાઈ ગયું હતું. જેના કારણે સમગ્ર વિસ્તાર આગનો ગોળો બની ગયો હતો. સુશાંત કુમાર સિંહે જણાવ્યું કે અકસ્માતને કારણે જ્યારે એલપીજી બહાર આવ્યો ત્યારે તેમાં પોતાની જાતે જ આગ લાગી હતી કારણ કે જ્યારે ટેન્કર અથડાયું ત્યારે સ્પાર્ક થયો હતો. વિસ્ફોટની માહિતી મળતાની સાથે જ ૩૦થી વધુ એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. તમામ ઘાયલોને જયપુરની સવાઈ માનસિંહ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મુખ્ય પ્રધાન ભજનલાલ શર્મા, નાયબ મુખ્ય પ્રધાન પ્રેમચંદ બૈરવા અને ઘણા પ્રધાનો અકસ્માત પાછળના કારણો વિશે પૂછપરછ કરવા સ્થળ પર એકઠા થયા હતા.




# મેરઠમાં શિવ મહાપુરાણની કથામાં ભાગદોડ, મહિલાઓ અને વૃધ્ધો કચડાયા

મેરઠ,તા.૨૦

મેરઠમાં શુક્રવારે બપોરે પંડિત પ્રદીપ મિશ્રાની શિવ મહાપુરાણની કથામાં ભાગદોડ મચી ગઈ હતી. અનેક મહિલાઓ અને વૃદ્ધો ભાગદોડમાં નીચે પડ્યા અને કચડાયા હતા. આજે કથાનો છઠ્ઠો દિવસ હતો અને આવતીકાલે છેલ્લો દિવસ છે. કથાનો પ્રારંભ બપોરે ૧ વાગે થયો હતો. લગભગ ૧ લાખ લોકો કથા સાંભળવા માટે પહોંચ્યા હતા. કથા શરૂ થઈ ત્યારે લોકો ઉતાવળમાં અંદર જઈ રહ્યા હતા. ભીડ અચાનક વધી જતાં બાઉન્સરોએ લોકોને પ્રવેશતા અટકાવ્યા હતા અને પછી દોડાદોડી થઈ હતી. શતાબ્દી નગરમાં ચાલી રહેલી આ કથામાં દરરોજ લગભગ ૧.૫ લાખ લોકો આવી રહ્યા છે. કથા દરમિયાન અનેક VVIP પણ મેરઠ પહોંચી રહ્યા છે. કથામાં મુખ્ય યજમાન પણ એ જ માર્ગ પરથી જતા હતા જે માર્ગથી ભીડ આવતી હતી. ત્યાર બાદ પ્રવેશ બાબતે ઝઘડો થયો હતો. એન્ટ્રી ગેટ પર બાઉન્સરોએ મહિલાઓને અંદર જતાં અટકાવી હતી. પાછળથી ટોળું આગળ વધવા દબાણ કરતું રહ્યું. દરમિયાન ૧૫-૨૦ મહિલાઓ એક પછી એક પડી ગઈ હતી.



સંજોગ ન્યૂઝ
# આપણું અમરેલી
02
શનિવાર, તા.૨૧-૧૨-૨૦૨૪

## ઈએમટી અને પાઈલોટને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો

# રાજુલા ૧૦૮ની ટીમને સુંદર કામગીરી બદલ રાષ્ટ્ર કક્ષાનો એવોર્ડ મળ્યો

અમરેલી, તા.૨૦

રાજુલા તાલુકાની ૧૦૮ની ટીમને રાષ્ટ્રીય કક્ષાએ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવી છે. રાજુલા ૧૦૮ એમ્બ્યુલન્સને ગત ૨૦ ઓગસ્ટની રાત્રે ૦૯:૧૯ કલાકે અમરેલી જિલ્લાના દરિયાકાંઠે આવેલ અંતરિયાળ ગામ ચાંચબંદર ગામનો કેસ મળ્યો હતો. કેસ મળતાની સાથે જ રાજુલા ૧૦૮ ની ટીમ તુરંત સ્થળ પર પહોંચી તપાસ કરતા જાણવા મળ્યુ હતું કે એક સગર્ભા માતાને પ્રસૂતિની અસહ્ય પીડા હતી અને તે માતાએ પોતાના ઘરે એક નવજાત શિશુને થોડા ટાઈમ પહેલા જ જન્મ આપ્યો હતો પરંતુ જ્યારે બાળકનો જન્મ થાય ત્યારે બાળક સામાન્ય રીતે રડતું હોય છે પરંતુ આ બાળક રડતું ન હતું તેમજ તેના જે હૃદયના ધબકારા હતા એ પણ ખૂબ જ ઓછા હતા. જેથી ઈએમટી પ્રવીણ બાંભણિયાએ બાળકને તુરંત લઈ અને તેની સારવાર



આપવાની ચાલુ કરી હતી જે અંતર્ગત નવજાત શિશુને હૃદયના ધબકારા ઓછા હતા એટલે CPR એટલે કે છાતી પર દબાણ અને કૃત્રિમ શ્વાસ આપીને બાળકનો જીવ બચાવ્યો હતો. તેમજ પ્રસૂતિ બાદ માતાની હાલત પણ નબળી હોય જેથી ૧૦૮ કોલ સેન્ટર પર ઊપસ્થિત ઉપરી ડોક્ટર સાથે વાતચીત કરી અને એમની સૂચના મુજબ જરૂરી ઈન્જેકશન અને બોટલ ચડાવવામાં આવ્યા હતા. આમ, ઈ.એમ.ટી. પ્રવીણ બાંભણિયા અને પાઈલોટ ગિરીશ સોંદરવા દ્વારા યોગ્ય સમયસૂચકતા વાપરી અને પોતાની સૂઝબૂઝથી નવજાત બાળક અને માતાને સમયસર યોગ્ય સારવાર આપી જીવ બચાવવામાં આવ્યો હતો. આ કેસને રાષ્ટ્રીય સ્તરે સર્વશ્રેષ્ઠ કેસ તરીકેનું સિલેકશન થયું અને આ કેસમાં સારવાર આપનાર ઈ.એમ.ટી. અને પાઈલોટ બંને કર્મચારીઓને ઈ.એમ.આર. આઈ. ગ્રીન હેલ્થ સર્વિસીસ દ્વારા રાષ્ટ્ર કક્ષાનો એવોર્ડ એનાયત કરાયો છે. આ કાર્યની અન્ય સ્થાનિક તબીબોએ પણ આવકારી પ્રસંશા કરી હતી.

# વડુડી (અમરપુર)નીપરિણીતા, ધારીની યુવતી લાપતા બની

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લામાંથી વધુ બે લોકો લાપતા બન્યા હતા. ધારીના હીમખીમડીપરામાં રહેતા ભુપતભાઈ બચુબાઈ પળસુંડા (ઉ.વ.૪૨)એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી પાયલબેન (ઉ.વ.૧૮) ત્રણ દિવસ પહેલા ઘરેથી કોઈને કંઈ કહ્યા વગર જતી રહી હતી.

અમરેલીના વડુડી (અમરપુર) ગામે રહેતા કિશનભાઈ નટુભાઈ સોલંકી (ઉ.વ.૨૯)એ જાહેર કર્યા મુજબ, તેની પત્ની દયા ઉર્ફે રેખા (ઉ.વ.૩૫) વાડી ખેતરે આંટો મારવા ગઈ હતી. જ્યાંથી કોઈને કહ્યા વગર ક્યાંક જતી રહી હતી. શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં પોલીસને જાણ કરાઈ હતી.

# વીજપડી બાયપાસ શરૂ થતાં ૫૦ વર્ષ બાદ ટ્રાફિકમાંથી છુટકારો

વીજપડી,તા.૨૦

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામમાં વિકાસના નવા યુગનો પ્રારંભ થયો છે. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના પ્રયત્નોથી ૧ કરોડ ૬૦ લાખના ખર્ચે બનેલા બાયપાસ રોડનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. આ સાથે વીજપડી મેઈન બજારમાં સીસી રોડ અને એચપી



ડ્રેઈનના કામની શરૂઆત થઈ છે. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ જણાવ્યું કે, વીજપડી ગામના લોકો લાંબા સમયથી ટ્રાફિકની સમસ્યાનો સામનો કરી રહ્યા હતા. આ સમસ્યાના નિરાકરણ માટે તેમણે સરકાર પાસેથી ફંડ મંજૂર કરાવ્યું હતું. આજે આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં વીજપડી વાસીઓને ૫૦ વર્ષ પછી ટ્રાફિકની સમસ્યામાંથી મુક્તિ મળી છે. આ પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

# જિલ્લામાં પથિક સોફ્ટવેરમાં એન્ટ્રી નહી કરનારા હોટલ, ગેસ્ટ હાઉસ સંચાલકો સામે કાર્યવાહી

**પોલીસની કાર્યવાહીને કારણે હોટલ સંચાલકોમાં ફફડાટ ફેલાયો**

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લામાં પથિક સૉફ્ટવેરમાં એન્ટ્રી નહીં કરનારા હોટલ અને ગેસ્ટ હાઉસ સંચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેને લઈ ગેરરીતિ કરતાં સંચાલકોમાં ફફડાટ ફેલાયો હતો. અમરેલીમાં સાવરકુંડલા રોડ પર આવેલ હોટલ તથા હીંડોરણા ગામે ઠાકરધણી ગેસ્ટ હાઉસમાં રીસેપ્શન કાઉન્ટર ઉપર પથિક સોફ્ટવેરમાં ઓનલાઈન એન્ટ્રી નહીં કરવા બદલ કાર્યવાહી કરવામાં આવી હતી.

# માવઠાથી ખેડૂતોને થયેલા નુકસાન અંગે વિપુલ દુધાતે કરી રજૂઆત

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લા પંચાયતના સદસ્ય વિપુલભાઈ દુધાત દ્વારા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને એક રજૂઆત કરવામાં આવી છે. આ રજૂઆતમાં સપ્ટેમ્બર-ઓક્ટોબર માસમાં થયેલા માવઠાના કારણે ખેડૂતોને થયેલા નુકસાન અંગે અને કપાસના ટેકાના ભાવ વધારવાની માંગ કરવામાં આવી છે. દુધાતે જણાવ્યું છે કે, સપ્ટેમ્બર-ઓક્ટોબર



માસમાં થયેલા માવઠાના કારણે ખેડૂતોના પાક બરબાદ થઈ ગયા છે. કપાસ, સિંગ અને ચોમાસુ પાકો સહિતના પાકોને નુકસાન થયું છે. ખેડૂતોએ ખેડ, દવા, બિયારણ અને ખાતર જેવા ખર્ચ કર્યા હતા, જે પાછા મળ્યા નથી. આથી ખેડૂતો આર્થિક સંકટમાં મુકાયા છે. વિપુલભાઈ દુધાતે ધારાસભ્યને વિનંતી કરી છે કે, ખેડૂતોને થયેલા નુકસાનને ધ્યાનમાં રાખીને કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવે અને કપાસના ટેકાના ભાવ વધારવામાં આવે તે માટે રજૂઆત કરી હતી.

# બાબરાના વાંકીયા ગામ ખાતે ફાયરિંગ પ્રેક્ટિસ થશે, રાહદારીઓ માટે અવરજવર બંધ

અમરેલી,તા.૨૦

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના વાંકીયા ગામ સ્થિત ફાયરિંગ બટ ખાતે તા.૩૧ સુધી વાર્ષિક ફાયરિંગ પ્રેક્ટિસ થનાર હોય આ સ્થિતિમાં ફાયરિંગ પ્રેક્ટિસના સમયગાળા દરમિયાન તકેદારીના ભાગરુપે અમરેલી જિલ્લા અધિક મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. તા.૩૧ ડિસેમ્બર સુધી ફાયરિંગ બટ માટે મુકરર થયેલી બાબરા તાલુકાના વાંકીયા ગામના સરકારી પડતર રે.સ.નં ૬૦૧, હે.૩-૮૮-૬૩ ચો.મી. વાળી જગ્યા ફાયરિંગ બટ માટેની મુકરર જગ્યાને તાર ફેન્સીંગ કરી તેની બાહ્ય સીમા નક્કી છે તે મુજબ તે જગ્યાની ચારે તરફની બાહ્ય સીમાથી ૧૦૦ મીટરના અંતર સુધી રાહદારીઓની અવરજવર પર પ્રતિબંધ હોય આ વિસ્તારમાં પ્રવેશ કરવો નહિ. હુકમ સરકારી ફરજ પરના અધિકારી-કર્મચારીઓને લાગુ પડશે નહિ.

# સા.કુંડલામાં બની રહેલા ઓડિટોરિયમની સ્થળ મુલાકાત લેતા મહેશ કસવાળા

અમરેલી,તા.૨૦

સાવરકુંડલા શહેરમાં ૮ કરોડ ખર્ચે "અટલ" ઓડિટોરિયમના નિર્માણની કામગીરી હાથ ધરવામાં આવી છે ત્યારે સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ કાર્યકરો સાથે મુલાકાત કરી કામની પ્રગતિનું નિરીક્ષણ કર્યું. કામની ગુણવત્તા વિષે પણ માહિતી મેળવી હતી.ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ જણાવ્યું "આ



પ્રોજેક્ટ વિકાસ અને વિરાસતના મંત્રને સાર્થક કરીને આર્થિક અને સાંસ્કૃતિક વિકાસનું કેન્દ્રબિંદુ બનશે." આ ઓડિટોરિયમ શહેરીજનો માટે શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવા માટે એક ઉત્તમ સ્થળ સાબિત થશે.

# રાજુલા જનરલ હોસ્પિટલના આઉટ સોર્સના પાંચ કર્મીઓને છુટા કરતા હડતાલ

અમરેલી,તા.૨૦

રાજુલા જનરલ હોસ્પિટલમાં આઉટ સોર્સના ૫ કર્મચારીને કોન્ટ્રાકટની પેઢી એલ.ઓ.સી. સિક્યુરિટી સર્વિસ દ્વારા છુટા કરતા કર્મચારીઓમાં ભારે નારાજગી સાથે રોષ જોવા મળ્યો હતો. આજે ૪૦ કરતા વધુ વર્ગ ૩ અને ૪ના કર્મચારીઓએ એક દિવસની



તસવીર : ગોપાલ રાઠોડ

હડતાળ પાડી દેતા હોસ્પિટલમાં દોડધામ મચી ગઈ હતી. કોન્ટ્રાકટર દ્વારા કર્મચારીઓ પાસે અલગ અલગ રૂપિયાની માંગણી કરાતી હોવાના આક્ષેપ સાથે રેકોર્ડિંગ ક્લીપ જાહેર કરવામાં આવી છે. હાલ હોસ્પિટલના પટાંગણમાં કર્મચારીઓ હડતાળ પર બેસી ગયા છે. અન્ય સામાજિક આગેવાનો છાવણીની મુલાકાત લઈ રહ્યા છે. હડતાળને પગલે રાજુલા પોલીસ દોડી આવી છે અને બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

# ગજેરા કેમ્પસના ખેલાડીઓએ સ્ટેટ ઓપન સ્કેટિંગ ચેમ્પિયનશિપમાં ૩-ગોલ્ડ, ૧-સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યા

અમરેલી,તા.૨૦

અમરેલીના શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓએ સ્ટેટ ઓપન સ્કેટિંગ ચેમ્પિયનશિપમાં ૩ ગોલ્ડ અને ૧ સિલ્વર મેડલ મેળવીને અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. ૧૯ ડિસેમ્બરે મહુવા ખાતે યોજાયેલી SGFI સ્કેટિંગ ભાઈઓ અને



બહેનોની ઓપન સ્ટેટ ચેમ્પિયન ક્વીટ્સ ૨.૦માં ઈન લાઈન રીન્કેશ સ્કેટિંગમાં અંડર-૧૧ રાઠોડ વિશ્વમ નિલેશભાઈ ગોલ્ડ મેડલ અંડર-૧૪ ધડુક રાજવી મધુસુદનભાઈ ગોલ્ડ મેડલ અંડર-૧૭, સોરઠીયા રાજ હરેશભાઈ ગોલ્ડ મેડલ અંડર-૧૪, વિરડીયા કુંજ પાંચાભાઈ સિલ્વર મેડલ મેળવેલ છે. જ્યારે રામાનુજ અક્ષિત, રામાનુજ દર્શીલ, કાછડીયા શુભ વગેરેએ તેમાં ભાગ લીધેલ હતો. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ અભિનંદન પાઠવ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?



મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# અમરેલીની એસ.એચ. ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓ શિષ્યવૃતિની પરિક્ષામાં ઝળક્યા



અમરેલી, તા.૨૦

અમરેલી શહેરમાં આવેલ શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ માટેની પી.એસ.ઈ. અને એસ.એસ.ઈ.નું આયોજન થયેલ હતું. જેમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલ જે એક્ઝામમાં શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા માધ્યમિકશાળાના વિદ્યાર્થીઓ દેવમુરારી ઉર્વશી, વાઢિયાં આયુષી, બલાસ જય, કારેલીયા ઋષિ, બાંભણીયા નીરવ પરીક્ષા પાસ કરી એસ.એસ.ઈ. એક્ઝામ માટે ક્વોલીફાય થયેલ હતા. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા અને સંસ્થા પરિવાર દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવેલ હતી.

# સતાધાર ધામની જગ્યાને બદનામ કરવાના પ્રયાસ સામે કાર્યવાહી કરવા મહેશ કસવાલાની માંગ

સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ વિશ્વ પ્રસિધ્ધ સતાધાર ધામ આપાગીગાની જગ્યા અને તેના મહંત પૂ. વિજયબાપુને બદનામ કરવાના પ્રયાસ સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે. ધારાસભ્યએ રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને આ અંગે એક પત્ર લખ્યો છે. ધારાસભ્યને મળેલા આવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, કેટલાક લોકો આ ધાર્મિક સ્થળ અને તેના મહંતને બદનામ કરવા માટે ષડયંત્ર રચી રહ્યા છે. આવા લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. સતાધાર ધામ સૌરાષ્ટ્રમાં એક પ્રસિદ્ધ ધાર્મિક સ્થળ છે અને અહીં દરેક સમાજના લોકો ભારે શ્રદ્ધા



રાખે છે. આવામાં આ સ્થળ અને તેના મહંતને બદનામ કરવાનો પ્રયાસ સમગ્ર સમાજની ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડે છે. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ પોતાના પત્રમાં જણાવ્યું છે કે, આવા ષડયંત્ર રચનારા લોકો સામે કડક કાર્યવાહી કરવી જરૂરી છે. કારણ કે, સતાધાર ધામ એક જાગતું પિરાણું છે અને સર્વ સમાજ તેમજ સૌરાષ્ટ્ર અને ગુજરાતની આસ્થાનું કેન્દ્ર છે.

# ધજડીપરા (બોઘરીયાણી) ગામે યુવકને ઢીકાપાટુનો મુંઢમાર માર્યો

**વાડીમાં જવાનો રસ્તો રિપેર કરવા મુદ્દે માથાકૂટ**

સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલાના ધજડીપરા (બોઘરીયાણી) ગામે એક યુવક તેની વાડીમાં જવાનો રસ્તો રીપેર કરવા બાવળનું ઠુંઠુ કાપતો હતો. જેને લઈ સારું નહીં લાગતાં ધોલધપાટ કરી ઢીકાપાટુ મારવામાં આવ્યા હતા. બનાવ અંગે નીતિનભાઈ બાબુભાઈ વેકરીયા (ઉ.વ.૩૪)એ તેમના જ ગામના વિનુભાઈ નાગજીભાઈ ચોવટીયા સહિત ત્રણ લોકો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેમની વાડીમાં જવાનો રસ્તો રિપેર કરવા બાવળનું ઠુંઠુ કાપતા હતા. જે સારું નહીં લાગતાં ગાળો આપી કુહાડીના હાથા વડે તથા ધોલધપાટ કરી ઢીકાપાટુનો માર માર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ વાય.એસ. વનરા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાંથી હદપારીનો ભંગ કરીને આવેલો ઇસમ ઝડપાયો

અમરેલી, તા.૨૦

અમરેલીમાં જૈન દેરાસર પાસે રહેતા નદીમભાઈ ગફારભાઈ બેલીમ (ઉ.વ.૩૬) સામે તા.૧૮-૦૪-૨૦૨૫ સુધી જિલ્લામાંથી હદપારી કરી હોવા છતાં કોઈપણ જાતની લેખિત મંજૂરી સિવાય જિલ્લામાં પ્રવેશ કરી હદપારીનો ભંગ કરતાં પકડાયો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.વી. લંગાળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં સ્વામિનારાયણ મંદિર મહિલા સંસ્કાર કેન્દ્ર દ્વારા શાકોત્સવનું આયોજન કરાયું





અમરેલી, તા.૨૦

અમરેલી શહેરમાં કેરીયા રોડ પર આવેલ સ્વામિનારાયણ મંદિર ખાતે મહિલા સંસ્કાર કેન્દ્ર દ્વારા શાકોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સાંખ્યયોગી પૂ. લીલાબાએ પોતાની વાણીથી ભગવાન સ્વામિનારાયણના મહિમાનું વર્ણન કર્યું અને શાક ઉત્સવનો મહિમા સમજાવ્યો હતો. આ તકે બહોળી સંખ્યામાં મહિલા-બહેનો ઉપસ્થિત રહીને શાકોત્સવમાં ભાગ લીધો હતો.

# લાઠીના રાભડા ગામના યુવકે અગમ્ય કારણોસર ગળાફાંસો ખાધો

દામનગર, તા.૨૦

લાઠીના રાભડા ગામના યુવકે અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હતું. બનાવ અંગે મંગળદાસ ઉર્ફે મંગાભાઈ સુખાભાઈ ભીડભીડીયાએ જાહેર કર્યા મુજબ, નિલેશભાઈ મંગળદાસ ઉર્ફે મંગાભાઈ ભીડભીડીયાએ દામનગર ઠાંસા રોડ, સાંઈબાબાના મંદિર પાસે આવેલ પાણીના સમ્પની ઓરડીની બાજુમાં લીમડાના ઝાડની ડાળીએ રિક્ષા ચાલુ કરવાના સુતરના દોરડા વડે અગમ્ય કારણોસર ગળાફાંસો ખાવાથી મરણ પામ્યા હતા.

# જિલ્લામાંથી નશામાં ચૂર થઈને ફરતાં ૧૦ ઝડપાયા

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી નશામાં ચૂર થઈને ફરતાં ૧૦ ઈસમોને ઝડપી પાડ્યા હતા. આ સિવાય બે મહિલા સહિત સાત ઈસમો પાસેથી ૩૪ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. તેમજ ૧૫થી વધારે લોકો પાસ પરમીટ વગર કેફી પીણું પીને વાહન ચલાવતાં ઝડપાયા હતા.











નાની ખેરાળી ગ્રામ પંચાયત
મું.નાની ખેરાળી, તા.રાજુલા, જિ.અમરેલી

**જાહેર હરરાજી**

આથી જાહેર કરવામાં આવે છે કે, રાજુલા તાલુકાની નાની ખેરાળી ગ્રામ પંચાયતની જર્જરીત મિલકતોની હરરાજી કરવાની હોય તો રસ ધરાવતા વ્યકિત કે પાર્ટીએ બંધ કવરમાં પોતાના ટેન્ડર સાથે નીચેના સરનામે અને સમયે હાજર રહેવુ. મિલકતની વિગત ગ્રામ પંચાયત કચેરી ઓફિસ અપસેટ કિંમત રૂ.૧૨૦૦૦/- તથા પાણીના ટાંકાની અપસેટ કિંમત રૂ.૧૦૫૦૦/- નકકી કરેલ હોય તે બંને જગ્યા પાડી સમતળ કરવાની રહેશે. હરરાજીમાં ભાગ લેનાર પાર્ટીએ ડીપોઝીટ પેટે રૂ.૨૦૦૦/- આપવાના રહેશે.

નોંધ : હરરાજીના તમામ ફેરફારનો અધિકાર ગ્રામ પંચાયત નાની ખેરાળીનો રહેશે. હરરાજીનુ સ્થળ ગ્રામ પંચાયત નાની ખેરાળી પ્રા.શાળાના મેદાનમાં તા.૨૭/૧૨/૨૦૨૪ને શુક્રવારના રોજ સમય સવારે ૧૧:૦૦ કલાકે રાખવામાં આવેલ છે.

| તલાટી કમ મંત્રીશ્રી<br>નાની ખેરાળી ગ્રામ પંચાયત<br>તા.રાજુલા જિ.અમરેલી | સરપંચશ્રી નાની ખેરાળી<br>ગ્રામ પંચાયત<br>તા.રાજુલા જિ.અમરેલી |
| --- | --- |













પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# અમરેલી જિલ્લાના સરકારી ડોકટરોની બેઠક મળી



અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લાના સરકારી ડોકટરોના યુનિયનની સાધારણ સભા અવધ હેરિટેજ રિસોર્ટ ખાતે યોજાઈ હતી. જેમાં અમરેલીના તમામ સરકારી ડોક્ટરો હાજર રહ્યાં હતા, સમગ્ર સભાનું સંચાલન ગુજરાત મેડિકલ સર્વિસ વર્ગના સેક્રેટરી અને અમરેલી જિલ્લા યુનિયનના પ્રમુખ ડૉ. વિરાટ અગ્રાવતે કરી હતી. આ મિટિંગમાં હાજર રહેલ જિલ્લા અધિકારીઓના શાબ્દિક સ્વાગત બાદ દીપ પ્રાગટ્યથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમ વખતે યુનિયનના ડૉક્ટર દ્વારા ડો. જોશી, ડો. સાલ્વી, ડો. અખિલેશ, ડો. સીંગ, ડો. સતાણીનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતુ. જિલ્લામાંથી બદલી બઢતીથી ટ્રાન્સફર થયેલા અધિકારી એવા ડો. સાલ્વી તેમજ ડો. આર. કે. સિન્હાનું ફેરવેલ સન્માન કરેલ તેમજ જિલ્લા બદલી બઢતીથી અમરેલીમાં આવેલ અધિકારી એવા ડો. અખિલેશ આર. સી.એચ.ઓનું સન્માન કરવામાં આવેલ હતુ. ત્યાર બાદ જિલ્લા આરોગ્ય અધિકારીએ મિટિંગની કાર્યવાહી ચાલુ કરવા જણાવેલ, તેથી અમરેલી જિલ્લાના સરકારી ડોક્ટરોના તેઓની સેવા સબબના તમામ પ્રશ્નોની ડો. અગ્રાવતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વધુમાં ડોક્ટરોના સેવા વિનિમય, પ્રવરતા યાદી, ટીકુ ઉચ્ચતર, સેવા પોથી, કર્મયોગી, એન.પી. એસ.ના એકાઉન્ટ, કોવીડ સમયના ડોક્ટરોના ૧૩૦ દિવસના પગાર, કરાર આધારિત, બોન્ડેડ તબીબોના પગાર જેવા ડોક્ટરોને મુંજવતા પ્રશ્નો ડો. અગ્રાવતે ધ્યાનથી સાંભળી તેના નિરાકરણ માટે તેઓ રાજ્ય કક્ષાએ રજૂઆત કરશે તેમ ગવર્મેન્ટ ડોક્ટર્સ મંડળની યાદીમાં જણાવેલ છે.

# અમરેલીમાં હોટલમાં રોકાતા મુસાફરોની પથિક સોફ્ટવેરમાં નોંધણી કરવા તાકિદ

અમરેલી,તા.૨૦

અમરેલીમાં હોટેલમાં રોકાણ કરનાર ગ્રાહક, મુસાફરોની વિગતો 'પથિક' સોફ્ટવેરમાં ઓનલાઈન નોંધણી કરવા માટે અમરેલી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. PATHIK (Programme fro analysis of travelers and hotel infromation) સર્વર અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાંચ ખાતે કાર્યરત છે. ક્રાઈમ બ્રાંચ સોફ્ટવેર સાથે રજિસ્ટર થયેલ હોટેલ ધારક જ ક્રાઈમ બ્રાંચ ખાતેથી આપવામાં આવેલ યુઝરનેમ અને પાસવર્ડ દ્વારા એન્ટ્રી કરી શકે છે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે અમરેલી જિલ્લાની તમામ હોટેલ અને ગેસ્ટ હાઉસ ખાતે આવતા પ્રાંત, રાજ્ય, દેશ-વિદેશથી આવતા તમામ મુસાફરોની વિગતો પથિક સોફ્ટવેરમાં હોટેલના માલિક અથવા સંચાલકે અવશ્ય કરવાની રહેશે. સોફ્ટવેરમાં ડેટા એન્ટ્રી કરવા માટે બહુમાળી ભવન, એ-બ્લોક, પ્રથમ માળ રુમ નંબર-૧૦૨, એસ.ઓ.જી શાખા, અમરેલી ખાતેથી હોટલ સંચાલક, માલિકે હોટેલની વિગતો રજૂ કરી યુઝર આઈડી-પાસવર્ડ દિન-૧૦માં મેળવી લેવા. આ જાહેરનામું તા.૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધી અમલી રહેશે.

# પતિએ પત્નીને પિયર જતા રહેવાનું કહી જાનથી મારવાની ધમકી આપી

ધારી, તા.૨૦

ધારી આંબલી શેરીમાં રહેતી એક મહિલાના લગ્ન તાલાળામાં રહેતા પુરુષ સાથે થયા હતા. લગ્ન બાદ નાની વાતોમાં પતિ મેણાટોણા મારતો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે સમીમબેન વસીમભાઈ સેતા (ઉ.વ.૩૮)એ તાલાળામાં નરસિંહ ટેકરા વિસ્તારમાં ઢોરા ઉપર રહેતા વસીમભાઈ હનીફભાઈ સેતા, હનીફભાઈ સેતા, રોશનબેન હનીફભાઈ સેતા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી નાની વાતમાં તેમને મેણાટોણા મારતા હતા. તેમજ કરિયાવરની માંગણી કરી ગાળો આપી હતી. પતિએ ઝાપટ મારીને પિયરમાં જતાં રહેવાનું અને ન જાય તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એ.વી. જુણેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# ગુજરાત રાજ્ય યોગ એવોર્ડ મેળવવા ઈચ્છતા લોકો માટે અરજી જોગ

અમરેલી,તા.૨૦

રાજ્ય સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર અંતર્ગત ગુજરાત રાજ્ય યોગ બોર્ડ કાર્યરત છે. યોગને પ્રોત્સાહન આપવા તથા યોગ બોર્ડ સાથે સંકળાયેલા હોય માત્ર તેવા યોગ કો-ઓર્ડિનેટર, યોગ કોચ તથા યોગ ટ્રેઈનરને પ્રોત્સાહન મળી રહે તે માટે ગુજરાત રાજ્ય યોગ એવોર્ડ આપવામાં આવે છે. યોગના ક્ષેત્રમાં યોગદાન આપ્યું હોય અને ગુજરાત રાજ્ય યોગ એવોર્ડ મેળવવા ઈચ્છતા હોય તેઓએ અરજી કરવાની રહે છે. અરજી કરતી વખતે યોગ ક્ષેત્રમાં ઓછામાં ઓછું ત્રણ (૩) વર્ષ યોગદાન આપેલું હોવું જોઈએ. યોગ બોર્ડ દ્વારા આપવામાં આવેલ યોગ કોચ અથવા યોગ ટ્રેઈનર તરીકેનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ. આ એવોર્ડ માટે ઉંમર બાધ નથી. પૂરું નામ, સરનામું, સંપર્ક નંબર, છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન યોગ ક્ષેત્રે કરેલા કાર્યના ફોટોગ્રાફસ, સંપૂર્ણ વિગતો અને માંગવામાં આવેલા તમામ આધાર-પુરાવાઓ સાથે વધુમાં વધુ પાંચ પાનામાં ફોટો સાથેના નક્કર પુરાવાવાળી અરજી ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં, કોઈ પણ એક કેટેગરીમાં જ કરવી. આ અંગે વધુ વિગત માટે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક / પ્રવૃત્તિઓની કચેરીનો (૦૨૭૯૨) ૨૨૩૬૩૦ સંપર્ક કરવો.

# વડીયાના મોરવાડા ગામે વેપારીએ અડધી રાત્રે માવો નહીં લેવા આવવાનું કહેતા ધમકી આપી

વડીયા, તા.૨૦

વડીયાના મોરવાડા ગામે રહેતા એક વેપારીએ અડધી રાત્રે માવો નહીં લેવા આવવાનું કહેતા ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે ભરતભાઈ ગોરધનભાઈ બોરડ (ઉ.વ.૫૮)એ દર્શન ભગવાનભાઈ રાઠોડ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, બે દિવસ પહેલા રાત્રિના સાડા દસ પોણા અગિયારેક વાગ્યાના સુમારે તેઓ પોતાના ઘરે સુતા હતા તે સમયે આરોપીએ તેના ઘરની બહાર આવી ડેલી ખખડાવી દુકાનેથી માવા આપવાનું કહ્યું હતું. તેણે અડધી રાત્રે માવા લેવા નહીં આવવાનું કહેતા આરોપીને સારું નહોતું લાગ્યું અને જેમ ફાવે તેમ ગાળો બોલી તેના હાથમાં રહેલો ધોકો ડેલી ઉપર પછાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.એલ. જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# કુંકાવાવમાં દલિત સમાજની બેઠકમાં રિવાજો વિશે ચર્ચા થઈ

કુંકાવાવ, તા.૨૦



કુંકાવાવ મુકામે ખીમજીભાઈ ચૌહાણના નિવાસ્થાને દલિત સમાજની બેઠક મળી હતી. જેમાં સમાજના રિવાજો વિશે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. તેમજ અંધશ્રદ્ધા અને વ્યસન મુક્તિની ચર્ચા વિચારણા કરી સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધે તે અંગે વાત થઈ હતી. સોમાભાઈ બગડાએ પોતાના વિચાર વ્યક્ત કર્યા હતા. જેમાં દલિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. દલિત સમાજ અગ્રણી સોમાભાઈ બગડા તેમજ તોરી રામપર દલિત અગ્રણી અને માજી સરપંચ ભલાભાઈ રાઠોડ તેમજ કુંકાવાવ-વડીયા તાલુકાના મેઘવાળ સમાજ પ્રમુખ ખીમભાઈ ચૌહાણ, મેઘજીભાઈ ચુડાસમા સહિત મોટી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જિલ્લામાં તા. ૩ સુધી સભા-સરઘસ અને હથિયારબંધી માટે જાહેરનામુ

**તાલુકા મેજિસ્ટ્રેટની મંજૂરી વગર લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ**

અમરેલી,તા.૨૦

જિલ્લામાં આગામી દિવસોમાં ખ્રિસ્તી તહેવારની ઉજવણી થશે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહ-શાંતિ જળવાઈ રહે તે હેતુથી અમરેલી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે, આ જાહેરનામું તા.૩ જાન્યુઆરી, ૨૦૨૫ સુધી અમલી રહેશે. જિલ્લામાં શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ કે ઈજા પહોંચાડવામાં ઉપયોગી હોય તેવી ચીજવસ્તુ, છટાદાર ભાષણ આપવા અને કોઈપણ સ્ફોટક પદાર્થો લઈ જવા સહિતની બાબતો પ્રતિબંધિત રહેશે. આ ઉપરાંત વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની, લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની મનાઈ છે. સભા-સરઘસ હથિયારબંધી રહેશે.

જિલ્લામાં સંબંધિત સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી કે પરવાનગી સિવાય કોઈ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની તેમજ સંબંધિત તાલુકા એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી-પરવાનગી સિવાય લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ છે.

# લીલીયાના ગુંદરણ ગામેથી ૫ ખેલી ઝડપાયા

લીલીયા, તા.૨૦

લીલીયાના ગુંદરણ ગામેથી પોલીસે ૫ જુગારીને રોકડા ૪૨૦૦ સાથે ઝડપી લીધા હતા. ગુંદરણ ગામે પ્લોટ વિસ્તારમાં હનુમાનજીના મંદિર પાસે બાવળની કાંટમાંથી ધીરૂભાઈ કાનાભાઈ રાજકોટીયા, અશ્વીનભાઈ લાલજીભાઈ રાજકોટીયા, નવનીતભાઈ વીનુભાઈ ઉગરેજીયા, અશોકભાઈ પ્રવીણભાઈ રાજકોટીયા તથા ડાયાભાઈ બેચરભાઈ પરમાર તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા રેઈડ દરમ્યાન રોકડા રૂા.૪૨૦૦ સાથે ઝડપાયા હતા. લીલીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ સી.બી. ટીલાવત વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: છઠ્ઠ
તા. ૨૧-૧૨-૨૦૨૪, શનિવાર, સૂર્યોદય-૦૭:૦૯,
સૂર્યાસ્ત-૦૫:૨૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વ ફાલ્ગુની

## દૈનિક રાશિફળ

તા.૨૧-૧૨-૨૦૨૪ શનિવાર

મેષ: આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. પરંતુ સારા પરિણામ મળવાથી થાકનો અનુભવ નહીં થાય. સંતાન સુખમાં વૃદ્ધિ થશે.

મિથુન: આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. ધર્મ-કર્મ પ્રત્યે આસ્થા વધશે.

કર્ક: આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે.

સિંહ: આજે કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે.

કન્યા: આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કોઈ ગેરસમજના કારણે ઓફિસમાં સહયોગીઓ સાથે વિવાદ થઈ શકે છે.

તુલા: ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધિ થશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે. અકસ્માતે બિનજરૂરી ખર્ચ વધી શકે છે.

ધન: આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે.

મકર: આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, કર્મ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, હર્ષ, મંગળમય પરિવર્તન અને મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશિર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે.

મીન: આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે.

# લાઠી સર્કિટ હાઉસ ખાતે રાષ્ટ્રીય મજદૂર સંઘના નેજા હેઠળ શ્રમિક અભિયાન અંતર્ગત બેઠક યોજાઈ

લાઠી, તા.૨૦



લાઠી સર્કિટ હાઉસ ખાતે રાષ્ટ્રીય મજદૂર સંઘના નેજા હેઠળ શ્રમિક અભિયાન અંતર્ગત બેઠક યોજાઈ હતી. રાષ્ટ્રીય મજદૂર સંઘના હોદ્દેદાર, પીએમ પોષણ યોજના હોદ્દેદારો અને કર્મચારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં મુખ્યમંત્રી પૌષ્ટિક આહાર અને પીએમ પોષણ યોજના એમ બે બે યોજના ઉપરાંત અલ્પહારની વ્યવસ્થા સંભાળતા માનદ સેવક તરીકે સેવા બજાવતા કર્મચારીઓને લઘુતમ વેતન હેઠળ સમાવવા ઉપરાંત રસોયા મદદનીશ સહિત માનદ સેવા સંલગ્ન કામ કરતા કર્મચારીઓ આકસ્મિક અકસ્માતનો ભોગ બને તેવા કિસ્સાઓમાં યોગ્ય વળતર મળે તેવા આયોજન કરવાની માંગ કરી હતી. પૌષ્ટિક આહારમાં સિંગતેલનો જથ્થો ફાળવવા સહિત વિવિધ પડતર માંગોનો સત્વરે ઉકેલ કરવા માંગ ઉઠી હતી.

# બાબરાના લોનકોટડા ગામની સીમમાંથી વિદેશી દારૂ પકડાયો

બાબરા, તા.૨૦

બાબરાના લોનકોટડા ગામની સીમમાંથી એક યુવક એક્ટિવા લઈને પસાર થતો હતો ત્યારે અટકાવી તલાશી લેતાં ભારતીય બનાવટના વિદેશી દારૂની ૨૧ બોટલ મળી આવી હતી. પોલીસે એક્ટિવા, દારૂ મળી કુલ ૫૪,૭૨૫ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. મોટા દેવળીયા ગામેથી મોટર સાયકલ લઈને પસાર થતાં બે યુવક પાસેથી દારૂની બોટલ મળી હતી. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૧૭ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો. ખડાધાર ચેકપોસ્ટ પરથી ચાર સહિત જિલ્લામાંથી સાત પ્યાસી પકડાયા હતા.







તંત્રી લેખ

# આજે આંતરરાષ્ટ્રીય ધ્યાન દિવસ

આપણે બધા જીવનની દોડધામમાં એટલા વ્યસ્ત થઈ જઈએ છીએ કે આપણે પોતાના માટે સમય કાઢવાનું ભૂલી જઈએ છીએ. આવામાં ધ્યાન આપણને આંતરિક શાંતિ અને સ્વસ્થ જીવન જીવવામાં મદદ કરે છે.

ધ્યાન એટલે શું? ધ્યાન એ એક પ્રકારની માનસિક તાલીમ છે જેમાં આપણે વર્તમાન ક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ. આપણા વિચારોને ભટકવા ન દઈએ અને શરીર અને મનને શાંત કરીએ છીએ. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ ધ્યાનના મહત્વ વિશે જાગૃતિ ફેલાવવાનો છે. ધ્યાનના ફાયદા:- તણાવ ઘટાડે છે, સુખાકારીમાં વધારો કરે છે, એકાગ્રતા વધારે છે ઊંઘ સુધારે છે, રોગપ્રતિકારક શક્તિ વધારે છે, માનસિક સ્વાસ્થ્ય સુધારે છે. તમે ઘરે ધ્યાન કરી શકો છો. આ માટે શાંત જગ્યા શોધો, આરામદાયક સ્થિતિમાં બેસો, આંખો બંધ કરો, શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરો, ભટકતા વિચારોને મનમાંથી દૂર કરો. ધ્યાન અને યોગ, બંને જ છે. આપણા મન અને શરીરને શાંત કરવા અને આંતરિક શાંતિ પ્રાપ્ત કરવા માટેની પ્રાચીન પદ્ધતિઓ છે. જોકે, બંને વચ્ચે કેટલાક નોંધપાત્ર તફાવતો પણ છે. યોગ:- યોગ એ શરીર, મન અને આત્માને એક કરવાની એક સંપૂર્ણ પ્રણાલી છે. તેમાં આસનો, પ્રાણાયામ (શ્વાસ લેવાની કસરતો) અને ધ્યાન જેવા વિવિધ પાસાઓનો સમાવેશ થાય છે. યોગનો મુખ્ય ફોકસ શારીરિક સ્વસ્થતા, લવચીકતા અને શક્તિ વધારવાનો છે. યોગમાં આસનો કરતી વખતે શ્વાસ પર ખૂબ ધ્યાન આપવામાં આવે છે. ધ્યાન:- ધ્યાન એ મનને શાંત કરવા અને વર્તમાન ક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવાની એક પ્રક્રિયા છે. ધ્યાનમાં સામાન્ય રીતે શરીરને એક સ્થિર સ્થિતિમાં રાખવામાં આવે છે. ધ્યાનનો મુખ્ય ફોકસ માનસિક સ્વાસ્થ્ય સુધારવા, તણાવ ઘટાડવા અને આંતરિક શાંતિ પ્રાપ્ત કરવાનો છે. ધ્યાનમાં શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા ઉપરાંત, કોઈ એક બિંદુ અથવા મંત્ર પર પણ ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે. ધ્યાન ઘણીવાર યોગના એક ભાગ તરીકે કરવામાં આવે છે. બંને પ્રક્રિયાઓ એકબીજાને પૂરક છે અને સાથે મળીને વધુ સારા પરિણામ આપી શકે છે. ધ્યાન કરવા માટે કઈ મુદ્રા શ્રેષ્ઠ છે તે તમારા શરીરની રચના, આરામદાયકતા અને ધ્યાનના પ્રકાર પર આધારિત છે. કોઈ એક મુદ્રાને સર્વશ્રેષ્ઠ કહી શકાય નહીં. જો કે, કેટલીક સામાન્ય અને અસરકારક મુદ્રાઓ છે. ધ્યાનનો પ્રકાર:- વિવિધ પ્રકારના ધ્યાન માટે વિવિધ મુદ્રાઓનો ઉપયોગ કરવામાં આવે છે. મહત્વની વાત: કોઈપણ મુદ્રામાં બેસતા પહેલા હળવા શ્વાસ લેવા અને શરીરને આરામ આપવો જરૂરી છે. મનને શાંત રાખવાનો પ્રયાસ કરો અને વિચારોને આવવા દો અને જવા દો. શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરો. સૌથી મહત્વની વાત એ છે કે તમારા માટે કઈ મુદ્રા સૌથી આરામદાયક છે તે શોધો અને તેમાં બેસો. નિયમિત ધ્યાન કરવાથી તમને શારીરિક અને માનસિક સ્વાસ્થ્યમાં સુધારો થશે. આંતરિક શાંતિ અને સ્વસ્થતા મેળવવાનો સૌથી સરળ રસ્તો ધ્યાન છે. ધીરજ રાખો અને નિયમિત અભ્યાસ કરતા રહો. તમને જરૂર સફળતા મળશે. યોગ અને ધ્યાન બંને આપણા જીવનમાં સુખ અને શાંતિ લાવવામાં મદદ કરી શકે છે. કઈ પ્રક્રિયા તમારા માટે વધુ યોગ્ય છે તે તમારી વ્યક્તિગત પસંદગી અને જરૂરિયાતો પર આધારિત છે. નોંધ: આ માત્ર સામાન્ય માહિતી છે. કોઈપણ ગંભીર સ્વાસ્થ્ય સમસ્યા માટે તમારે હંમેશા કોઈ નિષ્ણાતની સલાહ લેવી જોઈએ.

# રાષ્ટ્રધર્મ સર્વોપરી બને તો જ આપણો દેશ વિશ્વમાં નંબર વન બની શકે




પ્રાસંગિક
સુરેશ દેસાઈ

ખૂબ સંઘર્ષ બાદ જ્યારે બર્નાર્ડ શો પ્રસિદ્ધિની ટોચે પહોચ્યો ત્યારે તેને નૉબલે પ્રાઈઝ એનાયત કરવામાં આવ્યું. તેણે એ મહાન ઈનામનો અસ્વીકાર કર્યો. તેણે કહ્યું : 'એ પુરસ્કાર એ કોઈ ડૂબતા માનવીને બચાવવા નાખેલી 'લાઈફ બૉટ' જેવો છે. હવે મારે ઈનામનું શું કરવું જિંદગીના અંતિમ મુકામ તરફ જઈ રહ્યો છું ત્યારે આનો અર્થ શું? ઈનામરૂપી બચાવનું સાધન એવી રીતે ફેંકવામાં આવે છે કે જ્યારે ડૂબતો માણસ બધાં તોફાનો - વમળો -સંઘર્ષો પાર કરીને કિનારે આવી જાય છે. ભલા, કિનારે આવેલો માણસ 'લાઈફ બૉટ' ને શું કરશે ?'આજ વાત આપણા સાંસ્કૃતિક મૂલ્યોને લાગુ પડે છે. આપણા સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યો જ્યારે ઘસાતા જાય છે ત્યારે સૌ કોઈ વિચારે છે કે આપણા દેશમાં એકતા હોવી જોઈએ જો એકતા હોય તો આપણા દેશને કોઈ તોડી શકે નહીં. આ માટે સમાન નાગરિક ધારો જરૂરી છે. આ દેશમાં રહેતા દરેક નાગરિક સમાન છે, દરેકને સમાન અધિકાર છે, સર્વને પોતાની રીતે પોતાનો ધર્મ પાળવાનો અધિકાર છે તેમાં ધર્માંતરને કોઈ સ્થાન નથી. આજે આપણા દેશમાં અલગતાવાદ અને કટ્ટરવાદ માથું ઉચકી રહ્યા છે ત્યારે રાષ્ટ્રીય ભાવના વધુ વિકસિત થાય તે જરૂરી છે. આ દેશનો દરેક માનવી સૌથી પહેલા ભારતીય છે અને રાષ્ટ્રધર્મ સર્વોપરી છે તેમ જો માનવામાં આવે તો આપણે વિશ્વમાં સર્વોત્તમ બની શકીએ.

ભારતીય સમાજમાં એકતાનો અભાવ હોવાને કારણે ભારત પર સતત આક્રમણો થયા છે. આજે પણ સાંસ્કૃતિક આક્રમણો થયા કરે છે. આની સામે સાવધાન રહેવાની જરૂર છે આ માટે ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને અપનાવવાની જરૂર છે. આ માટે સંસ્કાર ભારતી, ભારત ભારતી, સંસ્કૃત ભારતીય જેવી સંસ્થાઓ પાયારૂપ કામ કરે છે. દુનિયામાં છેલ્લાં ૨૦ હજાર વરસમાં ત્રણ પ્રકારની ક્રાંતિ થઈ છે. માણસની સૌથી મોટી શોધ એટલે પૈડું. માણસે પૈડું બનાવીને જગતને દોડતું કર્યું.

પછી માણસ ખેતી કરતાં શીખ્યો ત્યારે પહેલી ક્રાંતિ થઈ. એ જમાનામાં માણસ ખેતી કરીને ગુજરાન ચલાવતો અને સમૂહમાં રહેતો. વરસો સુધી આ પહેલો તબક્કો ચાલતો રહ્યો. ખેતી ઉપરાંત માણસ ત્યારે પશુઓનો શિકાર કરીને જીવતો. એ પછી ૩૦૦થી ૪૦૦ વરસ પહેલાં ઉદ્યોગો આવ્યા. બીજા શબ્દોમાં એને ઔદ્યોગિક ક્રાંતિ કહી શકાય. ખેતરોનું સ્થાન મોટાં મોટાં કારખાનાંઓએ લીધું. પરિણામે સમગ્ર વિશ્વનું ચિત્ર પલટી ગયું. યુરોપના મોટા ભાગના દેશોમાં વિશાળ ફેક્ટરીઓ શરૂ થઈ ગઈ. મલ્ટી મિલિયન મેગા પ્રોજેક્ટ શરૂ થયા. આની સાથે પર્યાવરણના દૂષણો પણ આવી ગયા તેના નિવારણમાં દુનિયાને નાકે દમ આવી ગયો છે.

ઉદ્યોગોનો આ યુગ પણ હવે પૂરો થયો છે. એને સ્થાને માહિતીનો યુગ ચાલી રહ્યો છે. આને ત્રીજી ક્રાંતિ કહેવાય છે. અમેરિકામાં આજે ૬૫ % લોકો સીધી યા આડકતરી રીતે માહિતીના ઉત્પાદન સાથે સંકળાયેલા છે. આમાં સિલિકોન વેલીમાં સોફ્ટવેર અને હાર્ડવેરના ઉત્પાદનો મોટાપાયે થઈ રહ્યા છે જેમાં ભારતીય નાગરિકોનો સિંહફાળો છે. કોમ્પ્યુટરના કારખાનામાં કામ કરતાં મજૂરનો પણ સમાવેશ થાય છે. રેડિયો, ટેલિવિઝન કે કમ્પ્યુટરના ઉત્પાદનની સાથે સંકળાયેલા લોકોને માહિતી કામદાર કહી શકાય. અમેરિકા વિશ્વનો પહેલો માહિતી સમાજ કહેવાય છે. એ જ રીતે ભારત પણ માહિતીપ્રધાન દેશ બની ચૂક્યો છે. યુરોપના બીજા દેશો પણ ધીમે ધીમે પણ મક્કમપણે આ દિશામાં કૂચ કરી રહ્યા છે.

ભારત એ ખેતીપ્રધાન દેશ છે. એની ૭૦ % જેટલી વસ્તી આજે પણ ખેતી ઉપર નભે છે. આ વસ્તી મોટે ભાગે ગામડામાં વસે છે. એક બાજુ ગામડામાં ૭૦ % પ્રજા રહે છે તો બીજી બાજુ એક કરોડની વસ્તી ધરાવતાં મુંબઈ અને કલકત્તા જેવાં વિરાટ શહેરો પણ ભારતમાં જ છે. એ જ રીતે ખેતીની સાથે ભારે ઉદ્યોગો પણ દેશમાં અનેક સ્થળોએ જોવા મળે છે. આમ ભારત હજુ પણ ખેતી અને ઉદ્યોગના મિશ્ર અર્થતંત્ર ઉપર નભે છે.

કોઈ પણ વિચારની સાથે વિવેક ભળે તો જ એ વિચારનો અમલ ખીલે છે. વિચાર કરવાની તસ્દી નહીં લેનારાઓ પાછળ રહી જાય છે. વિચારવાનું છોડી પરંપરાનું વધુ પાલન કરનારા પણ પ્રગતિ કરી શકતા નથી. વિચારશીલ માણસબુદ્ધિ અને દુશ્રદ્ધા કરતા તર્ક વધુ આવકાર્ય છે. શ્રદ્ધા ક્યારેક અંધશ્રદ્ધામાં ફેરવાઈ જાય છે.

કેટલાક લોકો માને છે કે વિજ્ઞાન અને ધર્મ એકબીજાના વિરોધી છે. ધર્મનો જો વિશાળ અર્થ કાઢવામાં આવે તો આ વિરોધ તરત જ ખરી પડે. ધર્મને જો સંપ્રદાયના સાંકડા ચોકઠામાં પૂરી દેવામાં આવે તો બહુ મોટો વિરોધાભાસ સર્જાય.


માણસજાત હવે નવી સદીમાં પ્રવેશી ચૂકી છે. આ સદી વિચારોની વિશાળતાની છે. પૂર્વ અને પશ્ચિમનો વિરોધાભાસ હવે ધીમે ધીમે અસ્ત થઈ રહ્યો છે. એ જ રીતે જુદા જુદા ધર્મો વચ્ચેનો વિરોધાભાસ પણ ઓગળી જવો જોઈએ. અત્યારના સમયનો આ જ તકાદો છે. આ માટે જગતમાં ચાલતા યુદ્ધો અટકવા જોઈએ. એમ.એન. રોયે સંગઠિત ધર્મોની એક મોટી મર્યાદા તરફ નિર્દેશ કર્યો હતો. અહમ્, અભિમાન એ મનુષ્યની એક નબળાઈ છે અને ધર્મ માણસમાં સામૂહિક અહમ્ પ્રેરે છે. દરેક માણસને પોતાના વતન પ્રત્યે પ્રેમ હોય, પોતાની જ્ઞાતિ, કોમનું ગૌરવ હોય એ સમજી શકાય. પણ ધર્મ તો એની બધી મર્યાદાઓને વટાવીને સામૂહિક અહમ્‌ની લાગણી જન્માવે છે.

પરિણામે હવે દુનિયાભરનો માહિતી ક્રાંતિનો ચેપ આપણને લાગ્યો છે. કમ્પ્યુટરનું આગમન ભારતમાં પણ થઈ ચૂક્યું છે. એની સાથે ઈન્ટરનેટ, મોબાઈલ ફોન અને એ.આઈ. જેવાં સાધનો પણ આવી ગયાં છે. મોટા ભાગનો સંદેશા વ્યવહાર હવે ફોન અથવા કમ્પ્યુટરના માધ્યમથી થાય છે. કમ્પ્યુટર આપણા દેશ માટે કેટલું ઉપયોગી અને કેટલું બિનઉપયોગી એ વિષે હજી મતમતાંતર પ્રવર્તે છે. એક વર્ગ એમ માને છે કે આપણે પ્રગતિ કરવી હોય અને દુનિયાની સાથે કદમ મિલાવવા હોય તો એ.આઈ. જેવાં સાધનો અનિવાર્ય છે.

હિન્દુસ્તાનની આઝાદીને દાયકાઓ થયા. અંગ્રેજોએ વિદાય લીધાને વર્ષો વીત્યા પછીય આજની સમસ્યાઓનો દોષ અંગ્રેજોની 'ડિવાઈડ એન્ડ રૂલ'ની નીતિરીતિને આપવામાં તો આપણે રીતસર મૂર્ખશિરોમણિ જ સાબિત થઈ રહ્યા છીએ. વિશ્વ બદલાતું રહે છે. ઈતિહાસમાંથી વર્તમાનમાં આવીને ભવિષ્યનો વિચાર નહીં કરી શકનારાઓ વર્તમાનને પણ સુખે ભોગવી શકતા નથી એવી આચાર્ય રજનીશે કહેલી વાતનોય આપણે વિચાર કરતા નથી.

**દેશમાં સરકારો સ્થિર બની રહે અને જનજીવન સ્વસ્થ બની રહે, સમાજમાં શાંતિ રહે એમાં જ સૌને લાભ છે. જો આ ન બન્યું તો પહેલાં રાજકીય અસ્થિરતા અને તે પછી અંધાધૂંધી એ જ આપણું સૌનું ભાવિ હશે. લોકજીવનને ટકાવનારું શાસન પ્રજાને જોઈતું જ હોય છે, એટલે ઇતિહાસમાં વારંવાર નોંધાયું છે તેમ, અંધાધૂંધીને અંતે સરમુખત્યારશાહી પ્રગટી રહે છે. જે અત્યારે પાકિસ્તાન, બાંગ્લાદેશ સહિતના દેશોમાં બની રહ્યું છે.**

# શબ્દ સંજોગ-૧૯૨૨



**આડી ચાવી :**
(૧) કાબૂમાં રાખવુ (૪)
(૪) ભાગ વહેચ્યાં હોય તેવો, ભેગો (૪)
(૬) જયા જયાં વસે ગુજરાતી, ત્યાં...કાળ ગુજરાત (૨)
(૭) એક વાદ્ય (૩)
(૯) કેરીની એક જાત (૩)
(૧૦) રોગનું ફેલાવુ તે (૩)
(૧૩) મંચ, રંગભૂમિ (૩)
(૧૫) બોજો ઉપાડનાર (૩)
(૧૬) છેતરપિંડી, કપટ (૨)
(૧૭) મોં, ચહેરો (૩)
(૧૮) અમે, અમારુ (૨)
(૧૯) નજર સામે (૩)
(૨૦) દૂંટી, કેન્દ્ર (૨)
(૨૧) ગુનાસર દંડરૂપે સરકારે કબજે કરેલુ (૨)
(૨૨) કરમાયેલુ, ખિન્ન (૨)
(૨૪) વાટ, ઘરડ (૩)
(૨૬) પતિ-પત્નિ વચ્ચે...જ ન હોય તો જીવવામાં કયાંથી મજા આવે ? (૪)
(૨૭) પુષ્કળ, બહાનું (૨)

**ઉભી ચાવી :**
(૧) જગત, કુદરત (૩)
(૨) "યદા.....હી ધર્મસ્ય, ગ્લાનિર્ભવતિ ભારત....."(૨)
(૩) સજા, શિખામણ (૪)
(૪) તાબે, જીતાયેલુ (૨)
(૫) યદુનો વંશજ (૩)
(૮) આજે કઈ....છે ? (૩)
(૧૧) કોલકત્તાનું એરપોર્ટ (૪)
(૧૨) આ તો વીરનું આભૂષણ (૨)
(૧૪) અસભ્ય (૩)
(૧૫) ઘસારો (૨)
(૧૭) ઉતરી ગયેલ મુખવાળું (૪)
(૧૮) વ્યકિતએ વાતે વાતે ....બદલવો ન જોઈએ (૪)
(૧૯) સાત (૨)
(૨૦) કમળની પોલી દાંડી (૨)
(૨૧) તમે....બચાવો.... તમને બચાવશે (૨)
(૨૩) ...તે સૌને ગમે (૨)
(૨૫) શરીરમાંની એક ધાતુ (૨)

## શબ્દ સંજોગ-૧૯૨૧ જવાબ

**આડી ચાવી:** (૧) દીવાને ખાસ (૫) પવિત્રું (૭) પડતર (૮) ચિત્રિત (૯) રવો (૧૦) નાકા (૧૩) સઈ (૧૪) સાન (૧૫) લોક (૧૬) વડ (૧૭) રબ (૧૮) હર (૨૦) રમા (૨૨) લાલસા (૨૩) ટકો (૨૫) મહેર (૨૭) યલમ(યમલ) (૨૮) ભાણું (૨૯) નવલ.
**ઉભી ચાવી:** (૧) દીપડો (૨) વાડ (૩) નેતર (૪) ખારવો (૫) પત્રિકા (૬) વિત (૮) ચિનાઈ (૧૧) શ્યેન (૧૨) શ્લોક (૧૩) સડક (૧૪) સાબર (૧૫) લોકલાજ (૧૬) વર (૧૮) હસામણું (૧૯) તટ (૨૧) માલમતા (૨૪) કોયલ (૨૬) રન.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૪૭૭ |
| ઘઉં લોકવન | ૫૭૦ | ૬૧૦ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૭૦ |
| જુવાર સફેદ | ૭૩૦ | ૭૮૧ |
| બાજરી | ૪૫૦ | ૬૪૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૭૦૧ |
| ચણા પીળા | ૧૧૦૦ | ૧૩૩૦ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૨૫૫૪ |
| અડદ | ૧૧૦૦ | ૧૭૧૫ |
| મગ | ૧૧૦૦ | ૧૭૩૦ |
| ચોળી | ૧૫૦૦ | ૨૫૦૦ |
| મઠ | ૮૩૦ | ૧૧૭૦ |
| કળથી | ૮૭૫ | ૧૦૪૦ |
| મગફળી જાડી | ૮૭૫ | ૧૧૭૫ |
| મગફળી જીણી | ૮૯૧ | ૧૨૧૦ |
| તલી | ૨૦૫૦ | ૨૬૨૫ |
| સુરજમુખી | ૮૨૫ | ૮૨૫ |
| એરંડા | ૧૦૮૦ | ૧૨૦૮ |
| અજમો | ૧૩૦૦ | ૨૧૫૦ |
| સુવા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૭૬૧ | ૮૧૨ |
| સીંગફાડા | ૧૦૩૦ | ૧૨૪૦ |
| કાળા તલ | ૩૨૫૦ | ૫૧૫૦ |
| લસણ | ૨૧૩૦ | ૩૯૫૫ |
| ધાણા | ૧૨૮૦ | ૧૫૧૫ |
| મરચા સુકા | ૨૧૦૦ | ૨૬૧૦ |
| ધાણી | ૧૩૨૧ | ૧૫૬૦ |
| વરીયાળી | ૧૦૫૦ | ૧૪૯૦ |
| જીરૂ | ૪૧૨૦ | ૪૫૬૧ |
| રાય | ૧૧૦૦ | ૧૨૯૮ |
| મેથી | ૯૫૦ | ૧૨૪૪ |
| ઇસબગુલ | ૧૮૦૦ | ૨૧૫૦ |
| રાયડો | ૧૦૪૦ | ૧૧૧૧ |
| રજકાનું બી | ૩૭૦૧ | ૪૬૫૦ |
| ગુવારનું બી | ૯૩૦ | ૧૦૦૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૨૦૦ | ૮૦૦ |
| બટેટા | ૨૫૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૮૦ | ૩૭૦ |
| ટમેટા | ૩૦૦ | ૫૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૪૦૦ |
| મુળા | ૩૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૨૪૦ |

| | | |
|---|---|---|
| કોબીજ | ૧૨૦ | ૨૧૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૩૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૯૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૫૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૮૦૦ |
| દુધી | ૧૫૦ | ૩૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| સરગવો | ૭૦૦ | ૨૪૦૦ |
| તુરીયા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૧૦૦ |
| કાકડી | ૮૫૦ | ૧૨૦૦ |
| ગાજર | ૩૦૦ | ૪૦૦ |
| વટાણા | ૧૧૦૦ | ૧૩૦૦ |
| તુવેરસીંગ | ૫૦૦ | ૮૦૦ |
| ગલકા | ૬૦૦ | ૮૦૦ |
| બીટ | ૨૦૦ | ૪૪૦ |
| મેથી | ૨૦૦ | ૩૦૦ |
| વાલ | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૨૫૦ |
| આદુ | ૮૦૦ | ૯૦૦ |
| ચણા લીલા | ૩૦૦ | ૬૫૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૧૦૦૦ |
| હળદર લીલી | ૮૦૦ | ૧૧૦૦ |
| લસણ લીલું | ૨૫૦૦ | ૩૮૦૦ |
| મકાઇ લીલી | ૨૬૦ | ૩૪૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૩૦ | ૧૦૯૦ |
| ગિરનારી શિંગ | ૯૦૦ | ૧૩૦૨ |
| શિંગ મોટી | ૮૩૫ | ૧૧૯૬ |
| શિંગફાડા | ૧૦૨૦ | ૧૨૧૫ |
| તલ સફેદ | ૧૫૭૫ | ૨૬૯૦ |
| તલ કાળા | ૪૦૦૦ | ૪૯૩૦ |
| તલ કાશ્મીરી | ૩૧૫૫ | ૩૨૦૦ |
| બાજરો | ૩૪૦ | ૬૩૬ |
| જુવાર | ૩૮૦ | ૬૫૫ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૩૯ |
| ઘઉં લોકવન | ૫૬૮ | ૬૧૮ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૩૦ |
| ચણા | ૯૦૦ | ૧૨૯૯ |
| તુવેર | ૧૦૦૦ | ૧૬૦૦ |
| કપાસ | ૯૪૦ | ૧૪૫૮ |
| એરંડા | ૧૧૫૮ | ૧૨૦૪ |
| જીરૂ | ૨૮૦૦ | ૪૨૯૫ |

| | | |
|---|---|---|
| ધાણા | ૧૨૦૦ | ૧૩૮૬ |
| મેથી | ૫૫૦ | ૧૦૬૦ |
| સોયાબીન | ૬૩૦ | ૮૧૬ |
| રજકાના બી | ૨૦૦૦ | ૫૨૦૦ |
| મરચા લાંબા | ૪૮૦ | ૨૫૧૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૬૦ | ૫૬૦ |
| રીંગણાં | ૨૮૦ | ૪૪૦ |
| ફુલાવર | ૨૨૦ | ૩૫૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૬૦ |
| શકકરીયા | ૫૨૦ | ૮૦૦ |
| ટામેટા | ૪૫૦ | ૬૪૦ |
| સુરણ | ૧૦૧૦ | ૧૨૦૦ |
| ગાજર | ૪૫૦ | ૬૪૦ |
| દૂધી | ૨૦૦ | ૪૦૦ |
| કારેલા | ૫૨૦ | ૭૬૦ |
| ગલકા | ૫૦૦ | ૬૯૦ |
| મુળા | ૨૨૦ | ૩૬૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૮૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૮૦૦ |
| વટાણા | ૧૩૦૦ | ૧૪૦૦ |
| ચોળા લીલાં | ૪૨૦ | ૬૫૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૨૪૦ |
| આમળા | ૬૦૦ | ૮૦૦ |
| તુવેર | ૬૨૦ | ૮૪૦ |
| ભીંડો | ૫૨૦ | ૭૪૦ |
| હળદર લીલી | ૮૨૦ | ૧૦૫૦ |
| આદુ | ૭૫૦ | ૮૬૦ |
| કોથમીર | ૩૨૦ | ૫૫૦ |
| મેથીભાજી | ૩૮૦ | ૬૪૦ |
| ફુદીનો | ૫૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૪૫૦ | ૬૬૦ |
| બીટ | ૪૦૦ | ૬૦૦ |
| વાલ | ૬૦૦ | ૮૦૦ |
| સરગવો | ૮૦૦ | ૧૨૦૦ |
| લીમડો મીઠો | ૩૦૦ | ૩૩૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૯૦૦ |
| મરચા લાલ | ૩૫૦ | ૧૦૪૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૨૬૦ |
| લસણ લીલુ | ૧૮૦૦ | ૫૦૦૦ |
| મકાઈ | ૨૬૦ | ૪૨૦ |
| લીંબુ | ૬૦૦ | ૮૪૦ |
| પાલક | ૩૨૦ | ૪૫૦ |

| | | |
|---|---|---|
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૫૬૬ | ૬૨૨ |
| ઘઉં ટુકડા | ૫૭૧ | ૭૫૦ |
| સિંગદાણા જાડા | ૧૦૯૧ | ૧૩૫૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૨૯૧ |
| એરંડા / એરંડી | ૧૧૨૧ | ૧૧૬૬ |
| જીરૂ | ૩૮૫૧ | ૪૭૬૧ |
| વરીયાળી | ૯૯૧ | ૧૮૯૧ |
| ધાણા | ૮૦૦ | ૧૬૬૧ |
| અડદ | ૧૦૭૧ | ૧૭૮૧ |
| મઠ | ૮૦૧ | ૮૨૧ |
| તુવેર | ૧૨૬૧ | ૧૭૫૧ |
| રાયડો | ૯૩૧ | ૧૦૩૧ |
| મેથી | ૯૯૧ | ૧૦૫૧ |
| મરચા | ૪૫૧ | ૨૯૦૧ |
| સફેદ ચણા | ૧૨૦૧ | ૨૫૭૬ |
| તલ - તલી | ૧૮૦૧ | ૨૭૦૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૭૬૧ |
| ડુંગળી સફેદ | ૨૦૧ | ૩૫૬ |
| બાજરો | ૪૬૧ | ૪૬૧ |
| જુવાર | ૬૦૦ | ૮૭૧ |
| મકાઇ | ૪૮૧ | ૫૧૧ |
| મગ | ૧૦૩૧ | ૧૭૪૧ |
| ચણા | ૧૧૦૧ | ૧૩૨૧ |
| વાલ | ૫૬૧ | ૧૪૫૧ |
| ચોળા / ચોળી | ૫૫૧ | ૨૪૫૧ |
| સોયાબીન | ૬૧૧ | ૮૧૧ |
| ગોગળી | ૭૦૦ | ૯૪૧ |
| વટાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૦૦ | ૧૪૮૫ |
| કપાસ મીડીયમ | ૧૧૫૦ | ૧૩૭૦ |
| મગફળી જીરૂ૦ | ૧૦૯૪ | ૧૧૬૬ |
| મગફળી બીટી | ૯૫૦ | ૧૦૬૦ |
| અડદ | ૧૧૧૫ | ૧૪૮૫ |
| ઘઉં | ૫૦૯ | ૬૪૧ |
| તલ સફેદ | ૧૯૨૫ | ૨૩૨૫ |
| જીરૂ | ૩૯૫૦ | ૪૩૫૦ |
| સોયાબીન | ૭૮૯ | ૮૧૧ |
| ચણા | ૧૦૮૦ | ૧૨૩૦ |
| મગ | ૧૨૦૦ | ૨૦૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૧ | ૧૧૮૫ |
| શીંગ મોટી | ૧૦૫૧ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૫૦૦ |

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૭૦૦ | ૪૩૨૫ |
| કપાસ | ૧૩૨૦ | ૧૪૬૫ |
| ઘઉં લોકવન | ૫૨૫ | ૬૩૦ |
| ઘઉંટુકડા | ૫૫૦ | ૬૮૫ |
| બાજરો | ૫૦૦ | ૬૬૭ |
| જુવાર | ૫૦૦ | ૮૦૬ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૫૦૦ |
| તુવેર | ૧૫૦૦ | ૧૭૬૫ |
| સોયાબીન | ૬૦૦ | ૭૭૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૧૦ | ૧૪૨૯ |
| મગફળી | ૬૨૦ | ૧૧૩૦ |
| ઘઉ | ૫૫૨ | ૫૯૫ |
| ચણા | ૯૦૦ | ૧૨૬૧ |
| અડદ | ૧૧૦૦ | ૧૪૦૧ |
| તુવેર | ૧૨૫૦ | ૧૫૫૦ |
| તલ | ૨૦૫૦ | ૨૨૩૦ |
| ધાણા | ૧૩૦૫ | ૧૪૦૧ |
| જીરૂ | ૪૩૦૧ | ૪૩૦૧ |
| સોયાબીન | ૬૬૦ | ૭૯૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૯૦ |
| ઘઉ લોકવન | ૫૫૦ | ૬૦૫ |
| ઘઉ ટુકડા | ૫૯૧ | ૬૩૧ |
| બાજરો | ૫૨૪ | ૫૨૪ |
| સોયાબીન | ૫૨૫ | ૭૮૦ |
| મગફળી | ૬૫૬ | ૧૦૦૧ |
| ચણા | ૧૦૪૫ | ૧૨૨૫ |
| તલ સફેદ | ૧૭૬૦ | ૨૩૦૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૧૦ |
| ચણા સોલે | ૨૦૨૫ | ૨૦૨૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| શીંગદાણા | ૧૧૦૦ | ૧૧૬૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૫૦ | ૧૪૬૦ |
| મગફળી | ૮૭૧ | ૧૦૫૦ |
| સોયાબીન | ૭૧૧ | ૭૧૬ |
| અડદ | ૧૦૧૧ | ૧૦૧૧ |
| તુવેર | ૧૦૧૧ | ૧૦૧૧ |
| ઘઉં | ૫૮૧ | ૫૮૧ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૩૬ |
| ઘઉં | ૪૫૦ | ૬૦૬ |
| મગ | ૧૨૦૧ | ૧૬૩૧ |

| | | |
|---|---|---|
| ચણા | ૧૦૦૧ | ૧૩૦૧ |
| અડદ | ૧૦૫૧ | ૧૫૮૧ |
| મગફળી | ૭૦૧ | ૧૦૯૬ |
| શિંગફાડા | ૯૦૧ | ૧૧૦૧ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૨૭૬ |
| મેથી | ૮૦૧ | ૯૦૧ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૪૯૬ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૨૬ |
| સોયાબીન | ૬૦૧ | ૮૨૧ |
| **કોડીનાર** | | |
| મગફળી જીરૂ૦ | ૧૦૧૧ | ૧૧૨૩ |
| મગફળી ૩૨નં. | ૯૨૫ | ૧૦૫૫ |
| બાજરી હાઈબ્રીડ | ૫૦૦ | ૫૮૨ |
| ઘઉં | ૫૫૦ | ૬૩૮ |
| જુવાર | ૬૦૦ | ૭૮૨ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૪૦ |
| મગ | ૧૧૦૦ | ૧૬૦૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૬૬ |
| સફેદ તલ | ૨૦૫૦ | ૨૪૩૮ |
| સોયાબીન | ૭૬૪ | ૮૧૮ |
| કપાસ | ૧૩૮૦ | ૧૪૪૦ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૯૮૯ | ૧૧૭૫ |
| શીંગ ૩૨ | ૯૩૦ | ૧૦૩૬ |
| શીંગ ૩૯ | ૯૪૫ | ૧૧૧૪ |
| શીંગ જી ૨૦ | ૧૦૨૦ | ૧૧૩૭ |
| એરંડા | ૧૦૭૦ | ૧૦૭૦ |
| જુવાર | ૩૯૪ | ૯૫૦ |
| બાજરી | ૪૪૩ | ૬૫૧ |
| ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૮૯ |
| અડદ | ૪૦૦ | ૧૫૮૦ |
| મગ | ૧૧૭૦ | ૧૭૦૦ |
| મગદેશી | ૧૨૦૦ | ૨૮૫૦ |
| સોયાબીન | ૭૧૧ | ૮૫૧ |
| ચણા | ૧૧૭૫ | ૧૩૭૮ |
| તલ સફેદ | ૧૭૧૭ | ૨૫૬૨ |
| લસણ | ૪૧૮૦ | ૪૧૮૦ |
| જીરૂ | ૩૨૬૦ | ૩૨૬૦ |
| ડુંગળી લાલ | ૧૩૧ | ૪૩૫ |
| ડુંગળી સફેદ | ૨૨૧ | ૫૧૨ |
| કપાસ શંકર | ૧૨૬૫ | ૧૪૩૧ |
| નાળીયરે | ૯૮૫ | ૨૩૦૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૪૪ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ડુંગળીના ભાવ ઘટાડા સામે ખેડૂતોની ચિંતા વધી, નિકાસ નીતિમાં ફેરફારની માંગ

અમદાવાદ,તા.૨૦

સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં ડુંગળીનું વાવેતર કરતા ખેડૂતો હાલમાં ભારે મુશ્કેલીમાં છે. ડુંગળીના ભાવમાં સતત ઘટાડો થઈ રહ્યો હોવાથી ખેડૂતોને નુકસાન થઈ રહ્યું છે. આ સમસ્યાના નિરાકરણ માટે ગુજરાત ભાજપ કિસાન મોરચાના પ્રદેશ મહામંત્રી હિરેનભાઈ હિરપરાએ કેન્દ્ર સરકારને રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું કે, ડુંગળીના વાવેતરમાં ખેડૂતોએ ઘણો ખર્ચ કરવો પડે છે. જેમાં બિયારણ, ખાતર, દવા, મજૂરી અને ટ્રાન્સપોર્ટેશન ખર્ચનો સમાવેશ થાય છે. જો કે, ભાવમાં સતત ઘટાડો થવાને કારણે આ ખર્ચ પણ નીકળતો નથી. હાલમાં રાજ્ય સહિત અન્ય રાજ્યોમાં પણ ખેડૂતોએ ડુંગળીનું મોટા પ્રમાણમાં વાવેતર કર્યું છે. માર્ચથી જૂન મહિના દરમિયાન



ડુંગળીનું ઉત્પાદન વધુ પ્રમાણમાં થશે. પરંતુ ડુંગળીની નિકાસ પર ૨૦% ડ્યુટી હોવા ઉપરાંત અન્ય દેશો વેપાર પ્રતિબંધો લગાવતા ભાવમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને, હિરેનભાઈ હિરપરાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહ, કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ અને કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલને રજૂઆત કરી છે. તેમણે ડુંગળીની નિકાસ પરની ડ્યુટી ઘટાડવા અને નિકાસ નીતિની પુનઃ સમીક્ષા કરવાની માંગ કરી છે.

# બાબાપુરમાં આયોજિત વિદ્યાર્થી શિબિરની મુલાકાતે અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયા

બાબાપુર, તા.૨૦

બાબાપુરમાં સર્વોદય સરસ્વતી મંદિર ખાતે આયોજિત વિદ્યાર્થી શિબિરમાં ચાલતા જુદા જુદા ગ્રુપ જેવા કે ગીત સંગીત સરગમ ગ્રુપ, ગાયન પઠન, હિન્દી લેખન અને વ્યાકરણ, રુચી ઘડતર, રોજિંદા જીવનમાં ઉપયોગી સંસ્કૃત શબ્દો, સર્જનાત્મકતા, વાર્તા લેખન, આદર્શ પાત્રનો પરિચય જેવા જૂથ કાર્યોની અમરેલીના ધારાસભ્ય અને વિધાનસભાના દંડક કૌશિકભાઈ વેકરીયાએ મુલાકાત લઈ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સર્વોદય



સંસ્થાના નિયામક મંદાકિનીબેન પુરોહિત દ્વારા શિબિરમાં વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય, વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર આવે તે માટે સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ અને રમતગમતનું સુંદર આયોજન થઈ રહ્યું છે. આજની શિબિરમાં જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ મુકુંદભાઈ મહેતા, સંસ્થાના ટ્રસ્ટી મોહનભાઈ વાળા, મુકેશભાઈ રાજયગુરુ, બાબાપુરના પૂર્વ સરપંચ વિપુલભાઈ ગોંડલિયા, ઉપસરપંચ સાગરભાઈ ગોંડલિયા, તાલુકા પંચાયતના સભ્ય પ્રવીણભાઈ ચાવડા, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન પ્રવિણભાઈ માંગરોળિયા, ગામના આગેવાન નાગજીભાઈ સાવલિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીના ગાંધીબાગમાં આજે ધ્યાન દિવસની ઉજવણી થશે

અમરેલી,તા.૨૦

પ્રવર્તમાન સમયમાં તણાવ, અનિશ્ચિતતા અને સ્પર્ધાએ વર્ચસ્વ જમાવ્યું છે ત્યારે ભારતીય યોગ અને ધ્યાન એ માનવજાત માટે આશાનું એક કિરણ છે તેમ કહીએ તો ખોટું નથી. ખાસ કરીને તા.૨૧ ડિસેમ્બર એ શિયાળાની સૌથી લાંબી રાત છે. આ સમય દરમિયાન મન અને શરીર ઉર્જાને પુનઃસ્થાપિત કરવા માટે અનુકૂળ થાય છે તે ધ્યાન માટે વિશેષ મહત્વ અને શ્રેષ્ઠ હોવાનું માનવામાં આવે છે. અમરેલી સ્થિત ગાંધીબાગના પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે સવારે ૬.૦૦ કલાકે દીપ પ્રાગટ્ય સાથે કાર્યક્રમનો પ્રારંભ થશે. આર્ટ ઓફ લિવિંગ અને સમર્પણ ધ્યાનના સહયોગ સાથે યોગ નિષ્ણાંત નિકિતાબેન મહેતા દ્વારા ધ્યાન કરાવવામાં આવશે. આથી, આ કાર્યક્રમમાં વધુમાં વધુ નાગરિકોને જોડાવા ગુજરાત રાજય યોગ બોર્ડના ચેરમેન યોગસેવક શિશપાલજી દ્વારા એક અખબારી યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

# ગોપાલગ્રામ ખાતે દરબાર ગોપાળદાસ દેસાઈની જન્મ જયંતિની ઉજવણી

ધારી, તા.૨૦

ધારી તાલુકાના ગોપાલગ્રામ મુકામે ગોપાલગ્રામ દરબાર સ્મારક ટ્રસ્ટે આજે પ્રજાવત્સલ રાજવી અને સત્યાગ્રહી સ્વાતંત્ર્ય સેનાની દરબાર સાહેબ ગોપાળદાસ દેસાઈની ૧૩૭મી જન્મ જયંતિની ઉજવણી કરી હતી. દરબારગઢના પ્રાંગણમાં ગામના આગેવાનોએ દરબાર સાહેબને સુતરની આંટી



પહેરાવીને ભાવાંજલિ અર્પણ કરી હતી. ટ્રસ્ટના પ્રમુખ શંભુભાઈ વાડદોરિયાએ જણાવ્યું હતું કે, "પૂ. દરબાર સાહેબની પ્રજા પ્રત્યેની અસીમ લાગણી ક્યારેય ભૂલી શકાય એમ નથી." શિક્ષકોએ દરબાર સાહેબે શિક્ષણ ક્ષેત્રે આપેલું પ્રદાન અમૂલ્ય હોવાની પ્રેરણાદાયી વાતો વિદ્યાર્થીઓ સાથે વાગોળી હતી. દરબારગઢમાં ઉપ સરપંચ ગૌતમભાઈ હકુભાઈ વાળા, ગ્રામ પંચાયતના હરેશભાઈ ભોજભાઈ વાળા, અગ્રણી ખેડૂત દેવરાજભાઈ ધનજીભાઈ વાઘેલા, હાઈસ્કૂલના પ્રિન્સિપાલ ત્રિવેણીબેન ચૌહાણ, કુમાર શાળાના આચાર્ય રજનીકાંત માધડ, કન્યા શાળાના મેધાબેન પંડ્યા અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલા શહેરની એન.એસ.એસ.ની બહેનો ભાવનગરની પી.એન.આર સંસ્થાની મુલાકાતે

રાજુલા, તા.૨૦



રાજુલા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત વિમળાબેન હરકિશન દાસ મહેતા કન્યા છાત્રાલય અને એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ-કોમર્સ કૉલેજની એન.એસ. એસ. યુનિટની સ્વયંસેવિકા કુલ ૧૦૫ બહેનોએ ભાવનગરસ્થિત પીએનઆર સંસ્થાની મુલાકાત લીધી હતી. સંસ્થાના ટ્રસ્ટી મહોદય અનંતભાઈ શાહ અને ટ્રસ્ટી ડી.જે. ધંધુકિયાએ બહેનોને આવકાર સાથે સંસ્થાનો હેતુ તથા કાર્ય અંગે માહિતગાર કરેલ. કેતનભાઈ રૂપેરા, દિનેશભાઈ, ખેવનાબેન ઓઝા, હિતેશભાઈ પંડ્યાએ નટરાજ કૉલેજ અને અંધ ઉદ્યોગ શાળા, હાઈ ટેક ઈન્ક્યુલઝિવ સ્કૂલ, અંકુર શાળાની પ્રવૃત્તિઓની માહિતી આપી હતી.

# કૌશિક વેકરીયાના હસ્તે બાબાપુર ગામે વોટરશેડના કામોનું ખાતમુહૂર્ત

અમરેલી,તા.૨૦

નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના હસ્તે અમરેલી જિલ્લાના બાબાપુર મુકામે વોટરશેડના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. પાણી પ્રશ્ને અમરેલીને આત્મનિર્ભર બનાવવાના પ્રયાસના ભાગરૂપે અમરેલી તાલુકાના બાબાપુર મુકામે ચેકડેમ, તળાવ અને કેનાલમાં પાણી ડાયવર્ટ કરવાના કામો હાથ ધરાશે. આશરે રૂ. ૩૨,૮૧,૦૦૦



ના ખર્ચે પૂર્ણ થનારા આ કામોથી સમગ્ર વિસ્તારના સિંચાઈ અને પાણીના પ્રશ્નો હલ થશે. આ પ્રસંગે કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, ચેકડેમ અને તળાવ તેમજ કેનાલને લગતા વોટરશેડના કામો પૂર્ણ થતા ગ્રામ્ય વિસ્તાર નંદનવન બનશે. પાણી પ્રશ્ને અમરેલીના ગ્રામ્ય વિસ્તારને આત્મનિર્ભર બનાવવાનો અમારો વિનમ્ર પ્રયાસ છે. ખેડૂતોને સિંચાઈ માટે પાણીની સુવિધા મળી રહે તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. આ પ્રસંગે જિલ્લા પંચાયત તાલુકા પંચાયતના ચૂંટાયેલા પદાધિકારીઓ, તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારો, ગ્રામ પંચાયતના આગેવાનો સહિત મોટી સંખ્યામાં વિસ્તારના રહીશો ઉપસ્થિત રહ્યા હતા.

# સા.કુંડલાના ગાધકડા અને ગણેશગઢના ખેડૂતોના પ્રશ્નોનું તાલુકા પંચાયત પ્રમુખ દ્વારા સમાધાન

સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામના ખેડૂતોને પાણી પુરવઠા યોજના અંતર્ગત ચાલતા કામમાં સમસ્યા ઊભી થઈ હતી. જે અંગેની જાણ તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયાને થતા તેમણે સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની સૂચના મુજબ ખેડૂતોને તથા અધિકારીઓને સાથે રાખીને સ્થળ



ઉપર જ સમજાવટથી આ પ્રશ્નનું સુખદ સમાધાન કરાવ્યું હતું. ખેડૂતોને થતા પાકના નુકસાનને નિયમો મુજબ વળતર સહાય મળે તેવી અધિકારીઓ તરફથી પણ સંમતિ આપતા આ પ્રશ્નનું સુખદ સમાધાન થયેલ છે. આ કાર્યવાહીમાં તાલુકા પંચાયત

**અધિકારીઓ અને ખેડૂતો વચ્ચે સમાધાન કરાવી વિકાસને વેગ અપાવતા જીતુ કાછડીયા**

સાવરકુંડલાના પ્રમુખ જીતુભાઈ કાછડીયા, સાવરકુંડલા તાલુકાના સરપંચ એસોસિએશનના પ્રમુખ હિતેશભાઈ ખાત્રાણી તથા ખેડૂતો અને ગામ આગેવાનો સાથે પાણી પુરવઠાના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

# દિલીપભાઈ સંઘાણીની રજૂઆતથી ‘ઈરમા’ કો.ઓપરેટીવ યુનિ. બનાવશે

**વિદ્યાર્થીઓ ગ્રામ્યકક્ષાના ડેવલપમેન્ટ માટેના કોર્ષ કરશે**

અમરેલી,તા.૨૦

ગુજરાતના આણંદ સ્થિત ઈન્સ્ટીટ્યૂટ ઑફ રૂરલ મેનેજમેન્ટ (ઈરમા) એ કોઑપરેટિવ યુનિવર્સિટી બનાવવાનો ફેંસલો કર્યો છે. આ યુનિવર્સિટી બનાવવા સંસદમાં ત્રિભુવન સહકારી યુનિવર્સિટી



એક બિલ રજૂ કરવામાં આવશે. સરકારે સહકારિતા દ્વારા ખેડૂતો અને ગ્રામીણ વિસ્તારના વિકાસનો રોડમેપ બનાવ્યો છે. આ સ્થિતિમાં સહકારિતાના અભ્યાસ માટે અલગથી એક યુનિવર્સિટી બનતાં આ ક્ષેત્રના વિકાસમાં નવી ગતિ આવશે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા પ્રધાન અમિત શાહ અને નેશનલ કોઑપરેટિવ યુનિયન ઑફ ઈન્ડિયાના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણીએ આ યુનિવર્સિટી બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આ યુનિ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ગ્રામ્યકક્ષાના ડેવલપમેન્ટ માટેના કોર્ષ કરશે.

# કોડીનાર ન્યાય મંદિર ખાતે નેશનલ લોક અદાલત યોજાઈ

કોડીનાર, તા.૨૦

કોડીનાર ન્યાય મંદિર ખાતે નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોક અદાલતમાં ૧૫૦૦ કેસ મૂકવામાં આવ્યા હતા. જેમાંથી ૮૭૧ કેસ સાથે ૭૬ પ્રીલીગેશન મળીને કુલ રૂપિયા ૫ લાખ ૭૪,૦૦૦ ના વળતરના કેસનું સફળ સમાધાન કરવામાં આવ્યું હતું. આ લોક અદાલતને સફળ બનાવવા માટે કોડીનાર કોર્ટના એડિશનલ ડિસ્ટ્રીક્ટ જજ એસ.આઈ.



ભોરણીયા ચીફ જયુડી. મેજિસ્ટ્રેટ જજ અતુલકુમાર તથા એડિશનલ સિવિલ જજ એચ.એમ. પરમાર અને આર.એચ.સોલંકીએ સફળ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# ડોળાસામાં બાળ ગેંગની દાદાગીરી, પોલીસ પાસે કાર્યવાહી કરવાની માંગ

કોડીનાર,તા.૨૦

કોડીનાર તાલુકાના ડોળાસા ગામમાં નાના બાળકો દ્વારા ગેંગસ્ટર જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. આ બાબતે ગ્રામજનોમાં ભારે રોષ છે. ગામના સોની શૈલેષભાઈ રમણીકભાઈ નાઢાએ આ અંગે જિલ્લા પોલીસ વડા સહિતના તમામ અધિકારીઓને લેખિતમાં રજૂઆત કરી છે. શૈલેષભાઈએ જણાવ્યું છે કે, ડોળાસાનો સંજય બાંભણિયા નામનો દારૂના ધંધા સાથે સંકળાયેલ શખ્સ અને તેનો પુત્ર મીત બાંભણિયા તથા તેનો મિત્ર આર્યન ભીખા બામણીયા સહિતના નાની વયના બાળકો ગામના લોકોને હેરાન પરેશાન કરે છે. આ બાળકો હાથમાં હથિયારો સાથે ફરે છે અને નાની-નાની બાબતોમાં ઝઘડા કરે છે. આવા બાળકોની ગેંગ લોકોમાં ભયનું વાતાવરણ ઉભું કરી રહી છે. શૈલેષભાઈએ એમ પણ જણાવ્યું છે કે, આ બાળકોના વાલીઓ પણ આવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપે છે. આ બાળકો વિરુદ્ધ પહેલા પણ અનેક ગુના નોંધાયા છે. પરંતુ હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. આ બાબતે ગ્રામજનોમાં ભારે રોષ છે. ગ્રામજનો માંગ કરી રહ્યા છે કે, આ બાળકોની ગેંગને તોડવા માટે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે.

# અમરેલી જિલ્લા કોંગ્રેસે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના રાજીનામાની માગ કરી

અમરેલી,તા.૨૦

સંસદમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના બાબાસાહેબ અંગે નિવેદન બાદ દેશભરમાં આવેદનપત્રો આપવામાં આવી રહ્યા છે ત્યારે આજે અમરેલી જિલ્લા કોંગ્રેસ દ્વારા પણ વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. ભારતનાં સંસદીય ઈતિહાસને કલંકિત કરનાર ભારતીય જનતા પાર્ટીના નેતા અને દેશનાં ગૃહમંત્રી અમિત શાહે રાજ્યસભામાં



ભારતીય બંધારણના ઘડવૈયા, વંચિતોના મુક્તિ દાતા, પીડિતોના સમાહર્તા અને ભારતરત્ન ડો. બાબાસાહેબ આંબેડકરનું અપમાન કરી આ દેશની અસ્મિતા ઉપર કુઠારાઘાત કર્યો છે તેવો આક્ષેપ કોંગ્રેસ કર્યો હતો. અમિત શાહના નિવેદનને જિલ્લા કોંગ્રેસ દ્વારા સખત

**કોંગ્રેસે રેલી કાઢીને કલેકટર કચેરીમાં આવેદનપત્ર આપ્યું**

શબ્દોમાં વખોડી કાઢવામાં આવ્યું હતું. કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો જિલ્લા કાર્યાલય ખાતેથી વિવિધ સૂત્રોચ્ચાર અને પ્લે કાર્ડ સાથે રેલી કાઢી અમરેલી જિલ્લા અધિક કલેકટરને આવેદનપત્ર પાઠવી અમિત શાહના રાજીનામાની માગ સાથે વિરોધ નોંધાવ્યો હતો.

# ધોરાજી ખાતે બેંક વીમા કર્મચારી રિક્રીએશન કલબ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન

ધોરાજી,તા.૨૦

ધોરાજી ખાતે બેંક વીમા કર્મચારી રિક્રીએશન ક્લબ ઘણા વર્ષોથી કાર્યરત છે. રિક્રીએશન ક્લબના પ્રમુખ જગદીશભાઈ ગામોટ અને હોદ્દેદારો દ્વારા તાજેતરમાં તેજસ્વી તારલાઓના સન્માનનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો જેમાં વિવિધ બેંકોના અધિકારીઓ અને અતિથિઓના વરદ હસ્તે તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું હતું.


**નામ બદલાવેલ છે**

હું આથી જાહેર કરનાર,
મનીષ શાંતિલાલ ઝીંઝુવાડિયા. મારું જૂનું નામ
મનીષ કુમાર શાંતિલાલ ઝીંઝુવાડિયા થી બદલીને
મનીષ શાંતિલાલ ઝીંઝુવાડિયા કરવામાં આવ્યું છે. તેથી
હવેથી હું આ નામથી ઓળખાઈશ
લી.મનીષ શાંતિલાલ ઝીંઝુવાડિયા



**બાંભણીયા ગ્રામ પંચાયત**
**મું. બાંભણીયા, તા.કુકાવાવ-વડીયા, જિ.અમરેલી**

**જાહેર હરરાજી**

આથી જાહેર કરવામાં આવે છે કે, કુંકાવાવ તાલુકાના બાંભણીયા ગામે આંગણવાડી કેન્દ્ર નં.૩૮ જર્જરિત હોય જેને તોડી પાડવાની મંજૂરી જીલ્લા વિકાસ અધિકારીના હુકમ નં.આઈ.સી.ડી.એસ/એસ.એ./બાંધકામ/૦૭/૨૦૨૩/ અન્વયે મળેલ છે. તેની અપસેટ કિંમત રૂ.૪૦૩૯/- નકકી કરેલ હોય જેને તોડી પાડી સમતળ કરવાની રહેશે. હરરાજીમાં ભાગ લેનાર પાર્ટીએ ડીપોઝીટ પેટે રૂ.૨૦૦૦/- આપવાના રહેશે. તો ઈચ્છુક વ્યકિતઓએ આ હરરાજીમાં ઉપસ્થિત રહી લાભ લેવા વિનંતી.

નોંધ : હરરાજીના તમામ ફેરફારનો અધિકાર ગ્રામ પંચાયત બાંભણીયાનો રહેશે. હરરાજીનુ સ્થળ ગ્રામ પંચાયત બાંભણીયા તા.૦૧/૦૧/૨૦૨૫ ને બુધવારના રોજ સમય સવારે ૧૦:૦૦ કલાકે રાખવામાં આવેલ છે.

**તલાટી કમ મંત્રીશ્રી**
**બાંભણીયા ગ્રામ પંચાયત**
**તા.કુંકાવાવ જિ.અમરેલી**

**સરપંચશ્રી**
**બાંભણીયા ગ્રામ પંચાયત**
**તા.કુંકાવાવ જિ.અમરેલી**

# મહારાષ્ટ્રના પુણેમાં ઘાટ નજીક બસ પલટી ખાઈ જતા પાંચના મોત, ૧૪ ઘાયલ

પુણે,તા.૨૦

મહારાષ્ટ્રના પૂણેમાં એક મોટો અકસ્માત સર્જાયો છે. અહીં એક ૪૦ મુસાફરોથી ભરેલી બસ અચાનક પલટી ખાઈ જતાં ચીસાચીસ મચી ગઈ હતી. આ ઘટનામાં લગભગ ૧૩-૧૪ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ અકસ્માત પૂણેના તમ્હાની ઘાટ નજીક સર્જાયો હતો. અહીં એક ખતરનાક વળાંક આવી જતાં બસ પલટી ખાઈ ગઈ હોવાનું



મનાય છે. આ દુર્ઘટનામાં પાંચ લોકોએ જીવ ગુમાવ્યા છે. અહેવાલ અનુસાર આ બસ અકસ્માત સવારે ૮ વાગ્યાની આસપાસ થયો હતો. જ્યારે બસ ચાકનથી મહાડ તરફ જઈ રહી હતી. બસમાં લગભગ ૪૦ મુસાફરો સવાર હતા. ત્યારે અચાનક જ ખતરનાક વળાંક પર બસ ડ્રાઈવરે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં બસ એક બાજુ નમી ગઈ હતી. સૂત્રોના અનુસાર પુણેના તમ્હાની ઘાટ પાસે એક ખતરનાક વળાંક છે. આ વળાંક પર એક ખાડો છે. વળાંક પાસે પહોંચતાં બસ ખાડામાં ખાબકતાં બસ ડ્રાઈવરે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં બસ પલટી ખાઈ ગઈ હતી. આ દર્દનાક અકસ્માતમાં ૫ મુસાફરોએ જીવ ગુમાવ્યા છે.

# ૧૮મી લોકસભાનું શિયાળુ સત્ર સમાપ્ત : સત્રમાં કુલ ૨૦ બેઠક યોજાઈ

ન્યુ દિલ્હી,તા.૨૦

૧૮મી લોકસભાનું શિયાળુ સત્ર શુક્રવારે (૨૦ ડિસેમ્બર)ના રોજ સમાપ્ત થયું. આ સત્ર ૨૫ નવેમ્બરથી શરૂ થયું હતું. સમગ્ર સત્રમાં કુલ ૨૦ બેઠક યોજાઈ હતી. બંને ગૃહો (લોકસભા અને રાજ્યસભા)માં લગભગ ૧૦૫ કલાક સુધી કાર્યવાહી ચાલી હતી. સત્ર દરમિયાન લોકસભાની પ્રોડક્ટિવિટી ૫૪% હતી, રાજ્યસભાની ૪૧% હતી. ગૃહમાં કુલ ચાર બિલ રજૂ કરવામાં આવ્યાં હતાં, જોકે કોઈ પાસ થઈ શક્યું નહોતું. વન નેશન-વન ઈલેક્શન માટે રજૂ કરાયેલું ૧૨૯મું બંધારણ (સુધારો) બિલ સૌથી વધુ ચર્ચામાં હતું. આ બિલને સમીક્ષા માટે ૩૧ સભ્યની સંયુક્ત સંસદીય સમિતિ (JPC)ને મોકલવામાં આવ્યું હતું. સમિતિમાં લોકસભાના ૨૧ અને રાજ્યસભાના ૧૦ સાંસદની પસંદગી કરવામાં આવી છે. કોંગ્રેસ તરફથી પ્રિયંકા ગાંધી-વાડ્રા, મનીષ તિવારીને સામેલ કરવામાં આવ્યાં છે. બાંસુરી સ્વરાજ, સંબિત પાત્રા અને અનુરાગ સિંહ ઠાકુર સહિત ભાજપનાં ૧૦ સાંસદ છે. સત્રની શરૂઆત અદાણી મુદ્દે હંગામા સાથે થઈ હતી. ત્યારે વિપક્ષી સાંસદોએ પણ મણિપુર અને ખેડૂતોનો મુદ્દો ઉઠાવ્યો હતો. સત્રના અંત સુધીમાં આંબેડકર મુદ્દે ભારે હોબાળો થયો હતો. ૧૯ ડિસેમ્બરે મામલો થાળે પડ્યો હતો. ભાજપના બે સાંસદ ઘાયલ થયા હતા. રાહુલ પર આરોપ લગાવ્યો હતો. તેની સામે FIR દાખલ કરવામાં આવી હતી

# મુંબઈમાં બીજેપી યુવા મોરચા દ્વારા કોંગ્રેસ કાર્યાલયમાં તોડફોડ

મુંબઈ તા.૨૦




ભારતીય જનતા પાર્ટીના યુવા મોરચા (બીજેવાયએમ)ના કાર્યકરોએ ગુરુવારે મુંબઈના આઝાદ મેદાન ખાતે કોંગ્રેસના કાર્યાલય સામે દેખાવ માટે એકઠા થયા હતા. એકઠા થયેલા ભાજપના યુવા મોરચાના કાર્યકરો એકાએક આક્રમક બની કોંગ્રેસ ઓફિસમાં ઘૂસી ગયા હતા. તેમણે ઓફિસનાં ફર્નિચર, નોટિસ બોર્ડ, દરવાજા વગેરેની તોડફોડ કરી હતી, દસ્તાવેજો ફાડી નાખ્યા હતા, પાર્ટીનાં પોસ્ટરો પણ ફાડયાં હતાં તથા શ્રીમતી સોનિયા ગાંધી સહિતના નેતાઓની તસવીરો પર શાહીના કૂચડા ફેરવ્યા હતા.

# મુંબઈ દરિયામાં અકસ્માત બાદ નેવીએ તપાસ બોર્ડની રચના કરી

**નેવીને ટ્રાયલ રનની પરવાનગી કોણે આપી? મુંબઈ પોલીસે સવાલ ઉઠાવ્યા**

મુંબઈ,તા.૨૦

મુંબઈમાં ૧૮ ડિસેમ્બરે થયેલી બોટ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૪ લોકોના મોત થયા છે. ગેટવે ઓફ ઈન્ડિયાથી એલિફન્ટા જઈ રહેલી પેસેન્જર બોટ સાથે નેવીની સ્પીડબોટ અથડાઈ હતી,



જે બાદ પેસેન્જર બોટ ડૂબી ગઈ હતી. હવે નેવી પણ આ અંગે આંતરિક તપાસ કરી રહી છે. અહેવાલો અનુસાર, નેવીએ તપાસ માટે ગુરુવારે એક તપાસ બોર્ડની રચના કરી છે. દુર્ઘટના બાદ નૌકાદળે એક નિવેદન જારી કરીને કહ્યું કે સ્પીડ બોટ એન્જિન ટ્રાયલ પર હતી. કેપ્ટને બોટ પરનો કાબૂ ગુમાવ્યો અને તે પેસેન્જર બોટ સાથે અથડાઈ હતી. નેવીના નિવેદન પર મુંબઈ પોલીસે સવાલ ઉઠાવ્યા છે. પોલીસે નેવીને પૂછ્યું છે કે ગેટવે ઓફ ઈન્ડિયા પાસે ટ્રાયલ રનની પરવાનગી કોણે આપી હતી. પોલીસે મહારાષ્ટ્ર મેરીટાઈમ બોર્ડને પણ પત્ર લખીને અકસ્માત અંગે સંપૂર્ણ માહિતી માગી છે.

# દિલ્હીમાં ૧૦૦થી વધુ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

નવી દિલ્હી તા.૨૦

દિલ્હી-એનસીઆરમાં ફરી બોમ્બની ધમકી ભર્યા ઈ-મેલ આવ્યા છે. આ વખતે ૧૦૦થી વધુ સ્કૂલોને બોમ્બની ધમકી મળતા અફડાતફડી મચી ગઈ હતી. જેના પગલે પોલીસ, બોમ્બ વિરોધક ટુકડી અને ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટનાસ્થળોએ પહોંચી હતી પણ હજુ સુધી કંઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી. આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ ડીપીએસ, એમીટી, મધર મેરી સ્કૂલ સહિત અનેક મોટી સ્કૂલોને બોમ્બની




ધમકીભર્યા ઈ-મેલ મળ્યા હતા. બોમ્બથી ઉડાવી દેવાની ધમકીને પગલે સ્કૂલ મેનેજમેન્ટ એલર્ટ થઈ ગયું હતું. સલામતી ખાતર બધા બાળકોને સ્કૂલ પરિસરમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા અને બાળકોને રજા જાહેર કરાઈ હતી.

# મંદિરના મુદ્દા ઉઠાવીને હિન્દુઓના નેતા બની શકાય નહી : મોહન ભાગવત

પુણે,તા.૨૦

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવતે ગુરુવારે મંદિર-મસ્જિદ વિવાદ ફરી ઊભો થવાથી ચિંતા વ્યક્ત કરી હતી. ભાગવતે કહ્યું કે અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ બાદ કેટલાક લોકો માને છે કે તેઓ આવા મુદ્દા ઉઠાવીને હિન્દુઓના નેતા બની જશે. આ સ્વીકારી શકાય નહીં. ભાગવતે



કહ્યું- ભારતે બતાવવાની જરૂર છે કે આપણે સાથે રહી શકીએ છીએ. અમે લાંબા સમયથી સદભાવના સાથે રહીએ છીએ. જો આપણે દુનિયાને આ સદભાવના આપવા ઈચ્છીએ છીએ, તો આપણે તેનું એક મોડલ બનાવવાની જરૂરિયાત છે. તેમણે કહ્યું, અમે લાંબા સમયથી સુમેળમાં રહીએ છીએ. જો આપણે વિશ્વને આ સદભાવના આપવી હોય, તો આપણે તેને મોડેલ બનાવવાની જરૂર છે. રામ મંદિરનું નિર્માણ એટલા માટે થયું કારણ કે તે તમામ હિન્દુઓની આસ્થાનો વિષય હતો.

# ભોપાલ નજીક જંગલમાં બિનવારસી ઈનોવામાંથી ૫૫ કિલો સોનું મળ્યુ

ભોપાલ,તા.૨૦

મધ્યપ્રદેશના ભોપાલમાં બે દિવસથી ચાલી રહેલાં ઈન્કમ ટેક્સ દરોડા વચ્ચે ગઈકાલ મોડી રાત્રે મોટા પ્રમાણમાં બેનામી રોકડ અને સોનું મળી આવ્યું હતું. આ બેનામી રોકડ અને સોનું હાલમાં ચાલી રહેલા પૂર્વ આરટીઓ કોન્સ્ટેબલ સૌરભ શર્માના દરોડા સાથે લિંક છે. તેના સહકર્મી ચંદન સિંહ ગૌર પર સકંજો કસાયો છે. મોડી રાત્રે ભોપાલની નજીક મંડોરા ગામમાં આવેલા એક જંગલમાં એક લાવારિસ ઈનોવા કાર ઉભી હોવાની માહિતી મળી હતી. રાતના લગભગ બે વાગ્યે પોલીસ અને ઈન્કમ ટેક્સ વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી, તેમને કારમાંથી બે બેગ મળી હતી. બે બેગમાંથી કુબેરનો ખજાનો મળ્યો છે. સોનાનું વજન આશરે ૫૫ કિગ્રા હતું. જ્યારે રૂ. ૧૫ કરોડ રોકડા મળી આવ્યા હતા.

**વીજ અધિકારીઓને ધમકાવવાના મામલે સાંસદના પિતા સામે પોલીસ ફરિયાદ**

# સંભલના સાંસદને વીજચોરી અંગે રૂ.૧.૯૧ કરોડનો દંડ ફટકારાયો

સંભલ,તા.૨૦

સંભલમાં જામા મસ્જિદ સર્વે દરમિયાન થયેલી હિંસા બાદથી સપા સાંસદ તંત્રના નિશાના પર છે. હિંસામાં પણ તેમની સામે એફઆઈઆર નોંધવામાં આવી છે. ગુરૂવારે વહેલી સવારે મોટી સંખ્યામાં ફોર્સ સાથે વીજળી વિભાગે સાંસદના ઘરે દરોડા પાડી લોડ ચેક કર્યો હતો. બાદમાં જાણ થઈ કે, બે કિલોવૉટના કનેક્શન



પર ૧૬ કિલોવૉટથી વધારે લોડ ચલાવવામાં આવી રહ્યો હતો. વીજળી વિભાગે વીજળી બાયપાસ કરી ચોરીનો આરોપ લગાવતા તેમની સામે વીજચોરીની એફઆઈઆર નોંધવામાં આવી હતી. એફઆઈઆર નોંધાવ્યા બાદ સાંજે વીજળી પણ કાપી નાખવામાં આવી હતી. મોડી રાત્રે વિભાગે વીજચોરીનું એસ્ટીમેટ બનાવ્યું અને ૧.૯૧ કરોડ રૂપિયાનો દંડ લગાવી દીધો હતો. એટલું જ નહીં, તેમના પિતાની સામે વીજ અધિકારીઓને ધમકાવવાના આરોપમાં પણ એફઆઈઆર નોંધવામાં આવી છે.

# ભોપાલમાં ત્રણ બિલ્ડરો પર આવકવેરા વિભાગના દરોડા, રૂ.૩૦૦ કરોડ જપ્ત

ભોપાલ,તા.૨૦

મધ્યપ્રદેશના ભોપાલમાં ત્રણ બિલ્ડરો પર આવકવેરા વિભાગના દરોડા ચાલુ છે. વિભાગે બુધવારે ત્રણ બિલ્ડરો ત્રિશુલ કન્સ્ટ્રક્શન કંપની, ક્વાલિટી બિલ્ડર અને ઈશાન બિલ્ડરના ૫૨ સ્થળો પર દરોડા પાડવાની શરૂઆત કરી હતી. વિભાગીય કાર્યવાહીમાં વિવિધ કંપનીઓમાં અંદાજે ૩૦૦ કરોડ રૂપિયાના અઘોષિત રોકાણની માહિતી મળી છે. આ કંપનીઓ ભોપાલ, ઈન્દોર ઉપરાંત જબલપુર, કટની અને રાયપુરની છે. રોકાણમાં છત્તીસગઢના એક મોટા ખાણ ઉદ્યોગપતિનું નામ પણ સામે આવી રહ્યું છે. તમને જણાવી દઈએ કે આવકવેરા વિભાગે ભોપાલમાં ૪૯, ઈન્દોરમાં બે અને ગ્વાલિયરમાં એક જગ્યાએ દરોડા પાડ્યા છે. આ સ્થળો ત્રણેય બિલ્ડરો સાથે સંકળાયેલા છે. ત્રિશુલ કન્સ્ટ્રક્શન કંપનીના રાજેશ શર્મા અને તેના સહયોગીઓએ ભોપાલના નર્મદાપુરમ રોડ પર સ્થિત સહારા સિટીમાં ૧૧૦ એકર જમીન ખરીદી હોવાની માહિતી મળી છે.

# શીખ દંગાની યાદ અપાવતી ૧૯૮૪ લખેલ બેગ પ્રિયંકા ગાંધીને અપાઈ

નવી દિલ્હી, તા.૨૦

કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીની બેગ હાલ ચર્ચામાં છે. તે સતત નવી-નવી બેગ લઈને સંસદ પહોંચે છે. ક્યારેક અદાણી તો ક્યારેક બાંગ્લાદેશ લખેલી બેગના કારણે તેઓ ચર્ચામાં રહે છે. આ દરમિયાન ભાજપ સાંસદ અપરાજિતા સારંગીએ પ્રિયંકા ગાંધીને એક બેગ ગિફ્ટ કરી છે. ઓડિશાથી ભાજપના મહિલા સાંસદ



અપરાજિતાએ પ્રિયંકા ગાંધીને બેગ આપી છે. જેના પર ૧૯૮૪ લખેલું છે. બેગ પર ૧૯૮૪ને લોહીથી રંગ્યુ હોય તેવા રંગમાં લખવામાં આવ્યું છે, જે ૧૯૮૪ના શીખ દંગાની યાદ અપાવે છે. અપરાજિતાએ આ મુદ્દે વાત કરતા કહ્યું કે, પ્રિયંકા ગાંધી સંસદમાં નવી-નવી બેગ લઈને આવતા રહે છે. તો મેં વિચાર્યું કે, તેઓને એક બેગ ગિફ્ટ કરૂ તેથી મેં આ બેગ ગિફ્ટ કરી છે, જેના પર ૧૯૮૪ લખેલું છે. સાથે જ લોહીના છાંટા પણ છે. જે ૧૯૮૪ના દંગાની યાદ અપાવે છે. પ્રિયંકા ગાંધીએ આ બેગનો સ્વીકાર કરી લીધો છે, પરંતુ કંઈ કહ્યું નથી. ફક્ત બેગ લઈને જતાં રહ્યા હતા.

# ૭૦ હિન્દુ તીર્થયાત્રીઓ ભારતથી લાહોર પહોંચ્યા, કટાસ રાજ મંદિરોમાં ધાર્મિક વિધિ કરશે


ઈસ્લામાબાદ,તા.૨૦

પાડોશી દેશ પાકિસ્તાનમાં ઘણા હિંદુ મંદિરો છે. આમાંથી એક છે કટાસ રાજ મંદિર છે. ભારતમાંથી લગભગ ૭૦ હિન્દુ તીર્થયાત્રીઓનું એક જૂથ આ મંદિર અને અન્ય ઘણા મંદિરોના દર્શન કરવા લાહોર પહોંચ્યું છે. મળતી માહિતી મુજબ, પાકિસ્તાનના પંજાબ પ્રાંતના ચકવાલ જિલ્લામાં સ્થિત કટાસ રાજ મંદિરોના દર્શન કરવા માટે ભારતથી ૭૦ હિન્દુ તીર્થયાત્રીઓનું એક જૂથ વાઘા બોર્ડર થઈને લાહોર પહોંચ્યું હતું. પાકિસ્તાન અને ભારત ધાર્મિક સ્થળોની યાત્રા પર દ્વિપક્ષીય કરાર ધરાવે છે, જે અંતર્ગત ભારતમાંથી શીખ અને હિન્દુ તીર્થયાત્રીઓ દર વર્ષે પાકિસ્તાનની મુલાકાત લે છે. બીજી તરફ આ કરાર હેઠળ દર વર્ષે પાકિસ્તાનથી પણ તીર્થયાત્રીઓ ભારત આવે છે. પાકિસ્તાનના પંજાબ પ્રાંતના શીખ સમુદાયના લોકો સુવર્ણ મંદિરની મુલાકાત લે છે. પાકિસ્તાનથી પણ શ્રદ્ધાળુઓ અજમેરમાં ખ્વાજાજીની દરગાહની મુલાકાત લે છે.

# રશિયાએ દુનિયાનું સૌથી ખતરનાક યુદ્ધ જહાજ ભારતને આપ્યું

નવીદિલ્હી,તા.૨૦

ભારતના પરંપરાગત મિત્ર રશિયાએ નવા વર્ષ પહેલા જ દુનિયાનું સૌથી ખતરનાક યુદ્ધ જહાજ આપીને દુશ્મનોને ચોંકાવી દીધા છે. રાષ્ટ્રપતિ પુતિને ભારતની નૌકાદળની તાકાત વધારવા માટે રશિયા નિર્મિત યુદ્ધ જહાજ આઈએનએસ તુશીલને લોન્ચ કર્યું છે. આ યુદ્ધ જહાજની ગણતરી વિશ્વના સૌથી ઘાતક યુદ્ધ જહાજમાં થાય છે, જે રશિયાના



કેલિનિનગ્રાડથી ભારત માટે રવાના થયું છે. તમને જણાવી દઈએ કે આ યુદ્ધ જહાજને રક્ષા મંત્રી રાજનાથ સિંહની હાજરીમાં ૯ ડિસેમ્બરે રશિયાના કેલિનિનગ્રાડમાં ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવ્યું હતું. હવે તેના ભારત તરફ જવાના સમાચારે ચીન અને પાકિસ્તાન જેવા દુશ્મનોની ઊંઘ હરામ કરી દીધી છે. તેના પર પોતાની પ્રથમ પ્રતિક્રિયા આપતા ચીને તેને ભારતનો વ્યૂહાત્મક ફાયદો ગણાવીને ચિંતા વ્યક્ત કરી છે. તમને જણાવી દઈએ કે આ જહાજની લંબાઈ ૧૨૫ મીટર છે અને વજન ૩૯૦૦ ટન છે, જે રશિયા અને ભારતના યુદ્ધ જહાજના નિર્માણની અદ્યતન તકનીકો અને શ્રેષ્ઠ પદ્ધતિઓનું પ્રભાવશાળી મિશ્રણ છે. આ યુદ્ધ જહાજથી હિંદ મહાસાગરમાં ભારતીય નૌકાદળની ઓપરેશનલ ક્ષમતામાં નોંધપાત્ર વધારો થવાની આશા છે.

# ઈઝરાયેલે યમનમાં અનેક હવાઈ હુમલા કર્યા : નવ લોકોના મોત

ગાઝા,તા.૨૦

દુનિયામાં અનેક મોરચે યુદ્ધ લડી રહેલું ઈઝરાયેલ હવે યમનને નિશાન બનાવી રહ્યું છે, જે તેની બાજુથી હવાઈ હુમલો કરી રહ્યું છે. માહિતી અનુસાર, આ હુમલાઓમાં ઈઝરાયેલની સેનાએ સનામાં પાવર પ્લાન્ટ અને હોદેદાહ પ્રાંતમાં બંદરો અને ઓઈલ ટર્મિનલ સહિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવ્યું છે. આ હુમલાઓમાં ૯ લોકોના



મોત થયાના સમાચાર છે. અહેવાલો અનુસાર, ઈઝરાયેલના જેટ્સે યમનમાં હુથી સ્થાનો પર મોટા પ્રમાણમાં હવાઈ હુમલા કર્યા છે, જેમાં બંદર શહેર હોદેદાહમાં ઓછામાં ઓછા નવ લોકો માર્યા ગયા છે. ઈઝરાયલી મીડિયાના જણાવ્યા અનુસાર હુમલામાં ડઝનબંધ ફાઈટર પ્લેન તેમજ ઈન્ટેલિજન્સ પ્લેન્સે ભાગ લીધો હતો. એવા અહેવાલો પહેલાથી જ હતા કે તાજેતરમાં હુથી હુમલાના વધારાને પગલે યમન પર હુમલો કરવાની ઈઝરાઈલ યોજના બનાવી રહ્યું છે, જેમાં ગયા અઠવાડિયે બે હુમલાનો સમાવેશ થાય છે. આ હુમલો યમનથી ઈઝરાયેલ તરફ રાતોરાત મિસાઈલ છોડ્યા બાદ કરવામાં આવ્યો હતો.

**પોલીસે પેટ્રોલિંગ દરમિયાન શંકાસ્પદ કારને ઊભી રાખી તલાશી લેતા**

# સુરતમાં રૂા.૮.૫૭ કરોડના સોના સાથે બે ઝડપાયા




સુરત,તા.૨૦


સુરતમાં સારોલી પોલીસની ટીમે શહેરમાં નાઈટ પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. પોલીસને બાતમી મળી હતી કે, એક કારમાં અમુક શખ્સો સોનું લઈ જઈ રહ્યાં છે. પોલીસના પેટ્રોલિંગ દરમિયાન પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ પાસે શંકાસ્પદ કારને ઊભી રાખવામાં આવી હતી. જેમાં તપાસ કરતા કાચા સોનાના નાના-મોટા ટુકડા, ભૂકો અને બિસ્કીટ થઈને કુલ ૧૪ કિલોગ્રામ ૭૦૦ ગ્રામ સોનું મળી આવ્યું હતું. સારોલી પોલીસે ૮.૫૭ કરોડ રૂપિયાનું સોનું સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો અને બે શખ્સોને ઝડપી પાડીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. મળતી માહિતી મુજબ, સુરતમાં સારોલી પોલીસની ટીમે નાઈટ પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ નજીક શંકાસ્પદ કારમાં ચેકિંગ કર્યું હતું. પોલીસે કારચાલક સહિતના બંને શખ્સો હિરેન ભરતભાઈ ભટ્ટી અને મગન ધનજીભાઈ ધામેલીયાને ઝડપી પાડી પૂછપરછ કરી હતી. જેમાં સોના અંગે કોઈ પૂરાવા ન મળતા પોલીસે સોનાના નાના-મોટા ટુકડા અને બિસ્કીટ મળીને કુલ ૮.૫૭ કરોડ રૂપિયાનું સોનું જપ્ત કર્યું હતું. પોલીસના જણાવ્યાં મુજબ, કારમાં સવાર બંને શખ્સોના પેન્ટ-શર્ટમાંથી એક પ્લાસ્ટિકની થેલી મળી હતી.

**પોલીસે કાર સહિત રૂા.૮.૬૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો**

જેમાંથી સોનાના ૮ પેકેટ મળી આવ્યા હતા. પોલીસે કુલ ૧૪ કિલો ૭૦૦ ગ્રામ વજનનું સોનું સહિત બે મોબાઈલ ફોન અને કાર થઈને કુલ ૮.૬૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સમગ્ર મામલે પોલીસે આરોપીની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

# રાજયમાં તા.૨૬થી તા.૪ સુધી માવઠું થઈ શકે છે : અંબાલાલ પટેલ

ગાંધીનગર, તા.૨૦



ગાંધીનગરથી હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે રાજયમાં આગામી દિવસોમાં હવામાન કેવું રહેશે તેને લઈ આગાહી કરી છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે રાજ્યનાં વાતાવરણમાં પલટો આવવાની આગાહી કરતાં કહ્યું છે કે, ૨૬ મી ડિસેમ્બરે બંગાળના ઉપસાગરમાં વધુ એક સિસ્ટમ થવાથી ૪ જાન્યુઆરી સુધી રાજ્યના કેટલાક પંથકમાં માવઠું થવાની શક્યતા રહેશે. ગાંધીનગરથી હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલનાં કહેવા મુજબ આગામી દિવસોમાં હજુ પણ ન્યૂનતમ તાપમાનમાં ઘટાડો જોવા મળશે. રાજ્યમાં સવારના સમયે ઠંડી રહેશે. બપોરના સમયે કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાન વધવાની શક્યતા છે. વધુમાં તેમણે જણાવ્યું કે, મધ્ય ગુજરાતના ભાગો, દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાન ૨૭ અને ૨૮ ડિગ્રી કે તેથી વધારે થઈ શકે છે. તારીખ ૨૧ ડિસેમ્બરથી સાયન સૂર્ય મકર રાશિમાં આવશે એટલે તે પછીના દિવસોમાં ધીરે ધીરે ઠંડા પવનો ફૂંકાશે. ૨૧ ડિસેમ્બર બાદ કડકડતી ઠંડી પડવાની શક્યતા રહેશે.

# બેંગકોકથી અમદાવાદ આવેલો મોરબીનો શખ્સ ૧૨ કિલો હાઈબ્રીડ ગાંજા સાથે ઝડપાયો

અમદાવાદ,તા.૨૦

ગુજરાતના યુવાધનને નશામાં ધકેલવાનાં ષડયંત્રનો પર્દાફાશ થયો છે. અમદાવાદમાંથી પ્રતિબંધીત ડ્રગ્સ સાથે મોરબીના શખ્સને ઝડપીને વટવા પોલીસે હાઈબ્રીડ ગાંજાનો મોટો જથ્થો પકડી પાડયો હતો. પોલીસે ૩.૬૦ કરોડની કિંમતનો ૧૨ કિલો હાઈબ્રીડ ગાંજો ઝડપ્યો હતો. પકડાયેલા શખ્સનું નામ યોગેશ રતિલાલ દસાડીયા છે અને તે મોરબીનો રહેવાસી છે. યોગેશ બેંગકોકથી હાઈબ્રીડ ગાંજો લાવ્યો હતો. યોગેશ ગાંજો લઈને મોરબી જઈ રહ્યો હતો તેની પોલીસે ચેકીંગ દરમ્યાન ધરપકડ કરી હતી. યોગેશની તપાસ કરતાં તેની પાસેથી થાઈ એરલાઈન્સની ટીકીટ પણ મળી આવતા હાઈબ્રીડ ગાંજાના ઈન્ટરનેશનલ ટ્રેકરની પોલીસને શંકા ગઈ હતી. વટવા પોલીસે નાર્કોટીકસ કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. યોગેશની સાથે બે મહિલા નિધિ અને સાયલીની પણ સંડોવણી ખુલી હતી.

# સુરતના ઉત્રાણની પનવેલ હોટલમાં દેહવ્યાપારનો ભાંડાફોડ કરતી પોલીસ

સુરત,તા.૨૦



સુરતના ઉત્રાણ વિસ્તારમાં દેહવ્યાપારનો ભાંડો ફોડતા પોલીસે પનવેલ હોટલમાં મોટી કાર્યવાહી કરી છે. આ રેડમાં ૫ થાઈલેન્ડની, એક નેપાળ અને એક ઉત્તરાખંડની યુવતીને મુક્ત કરવામાં આવી છે, જ્યારે ૯ ગ્રાહકોને ઝડપી પાડવામાં આવ્યા હતા. ગ્રાહકોને વ્હોટ્સએપ પર યુવતીઓની તસવીર મોકલીને હોટલમાં બોલાવવામાં આવતા હતા. રેડ દરમિયાન હોટલના રૂમમાં દેહવ્યાપાર માટે યુવતીઓ સાથે આપત્તિજનક સ્થિતિમાં ૯ ગ્રાહકોને ઝડપી પાડવામાં આવ્યા હતા. યુવતીઓને હવે આશ્રય અને રક્ષણ માટે મૂકવામાં આવશે. દરેક ગ્રાહક પાસેથી ૩૫૦૦થી લઈ ૫૦૦૦ રૂપિયા લેવામાં આવતા હતા. આ હોટલનો મુખ્ય સંચાલક જે.ડી. કેવડિયા, દલાલ શિવમ ગજેરા, ભાવના પાટીલ અને હોટલના માલિક વિજય ઉર્ફે કાના સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

# અમદાવાદમાં ખુલ્લી તલવારો લઈ લુખ્ખાઓનો આતંક



અમદાવાદ,તા.૨૦

અમદાવાદમાં દિવસે ને દિવસે લુખ્ખા તત્ત્વોનો આતંક વધતો જાય છે. માથાભારે તત્ત્વોને કાયદાનો ડર રહ્યો નથી તેવું લાગી રહ્યું છે. હજુ તો રખિયાલ અને બાપુનગરમાં આતંક મચાવવાની ઘટનાને ચોવીસ કલાક પણ પુરા થયા ન હતા ત્યાં તો અમદાવાદના અસારવા બ્રીજ પાસે કેટલાક અસામાજિક તત્ત્વો દ્વારા ખુલ્લેઆમ ઉઘાડી તલવારો લઈ સ્થાનિક રહીશોમાં ભય ફેલાવતાં હોવાનો વીડિયો વાયરલ થયો હતો. વીડિયોને જોતા લાગે છે કે તોફાની તત્વોને પોલીસનો પણ ભય રહ્યો નથી. વીડિયો વાયરલ થતાં શાહીબાગ પોલીસ હરકતમાં આવી ગઈ હતી અને ગણતરીના કલાકોમાં જ શખ્સોને ઝડપી પાડી કાયદાનું ભાન કરાવ્યું હતું.



















